Chapter. 5

પ્રકરણ – ૫

સર્જકલક્ષી, સાહિત્યિકવાદલક્ષી વિવેચન અને પ્રકીર્ણ

પ્રકરણ : ૫ : સર્જકલક્ષી, સાહિત્યિક વાદલક્ષી અને પ્રકીર્ણ

૫.૧ સર્જકલક્ષી વિવેચન

વિવેચકે કેટલાંક લેખોમાં સર્જકને કેન્દ્રમાં રાખીને ચર્ચા કરી છે, એમની કોઇ એક કે તેથી વધુ કૃતિ, સંગ્રહ નહીં પણ સર્જકની સાહિત્યિક પ્રવૃત્તિઓના પૂરા પરિપ્રેક્ષ્યને ધ્યાનમાં રાખ્યોં છે. વિવેચકે સર્જકની વિશિષ્ટતા, પ્રતિભા, શૈલી, ઘડતર, પ્રયોગલક્ષિતા, વિચારણા જેવા વિવિધ પાસાંને ઉજાગર કર્યાં છે. વિવેચકનો ઉદ્દેશ કોઇ એક સાહિત્યિક પ્રતિભાને એના યોગ્ય પરિપ્રેક્ષ્યમાં રજૂ કરવાનો છે. સર્જકની વાત કરવાની હોવાથી સ્વાભાવિક રીતે જ એમની કૃતિઓ વિશે વાત થવાની. વિવેચકનો મુખ્ય ઉદ્દેશ કૃતિ પરિચયનો નહીં સર્જકના વ્યક્તિત્વના પરિચયનો છે. તેથી એવાં કેટલાક લેખોને અને દલપતરામ તથા સુરેશ જોષીની વિશેની સ્વતંત્ર પુસ્તિકાઓને આ ‘સર્જકલક્ષી વિવેચન’ના વિભાગ અંતર્ગત આવરી લીધાં છે. સર્જકના વ્યક્તિત્વ પરિચય માટે વિવેચકે ઐતિહાસિક સામાજિક પરિપ્રેક્ષ્ય સાથે સર્જકના જીવનસંદર્ભને પણ ચર્ચામાં વણી લીધાં છે.

૫.૧.૧ સર્જકલક્ષી લેખો :

કવિ નાનાલાલની[૧] સર્જક પ્રતિભાનો પરિચય આપવા માટે વિવેચકે તુલનાત્મક પદ્ધતિ અપનાવી છે. કવિ કાન્ત અને પિતા દલપતરામથી વિરોધે જઇને નાનાલાલ જે પ્રતિભા વિક્સાવે છે, તે પાછળનાં નાનાલાલનાં મનોમંથનો, વિચારો અને પ્રયાસોને વિવેચકે દર્શાવ્યાં છે. નાનાલાલની કેફિયતોનો આધાર આપી છાંદસથી ઊફરા જઇને અપદ્યાગદ્ય તરફ જવાના નાનાલાલના પ્રયાસને વિવેચકે ‘એક વિરલ સાહિત્યિક ઘટના’ ગણાવી છે. નાનાલાલનાં વિચારસરણી, કાવ્યસિદ્ધાંત, પ્રયોગલક્ષિતા, મનોમંથનો, લાક્ષણિકતા, આગ્રહો વિશે પણ નિર્દેશો કર્યાં છે.

---

૧. બહુસંવાદ પૃ. ૧૩૨

કવિ રાજેન્દ્ર શાહનો[1] એમના સમગ્ર કાવ્ય લેખનની પ્રવૃત્તિના સંદર્ભે સાહિત્યિક પરિચય આપ્યો છે. એમના વ્યક્તિત્વ, જીવન-ઘડતર વિશેની વિગતો અહીં નથી. કવિને એમના સમકાલીનો અને પૂરોગામીઓ સાથેના અનુસંધાનમાં મૂલવ્યાં છે. કવિના વર્ણ્યવિષયો, ભાવસૃષ્ટિ, નાદસૌંદર્ય, રચનાપ્રપંચ, કવિકર્મ, સેન્દ્રિયતા જેવાં કાવ્યનાં ઘટકો સંદર્ભે કૃતિલક્ષી ચર્ચા કરી છે. વિવેચકે કવિનાં કાવ્યોમાં પ્રાણતત્ત્વ તરીકે 'નાદ'ની વિશેષતાને દર્શાવી છે. વિવેચકે સર્જકલક્ષી, તુલનાત્મક, ઐતિહાસિક અભિગમ અપનાવ્યો છે. કવિની કવિતામાં સિદ્ધ થતા આકાર અને નાદસૌંદર્યને કવિની વિશેષતા તથા સ્વાનુકરણને મર્યાદા તરીકે નોંધ્યાં છે. અનુઆધુનિક તબક્કે કવિની વિશેષતા મર્યાદાઓને એના ઉચિત પરિપ્રેક્ષ્યમાં દર્શાવી આપવાનો વિવેચકનો ઉદ્દેશ છે.

કવિ જયંત પાઠક[2]નાં તમામ કાવ્યોના આધારે વિવેચકે કવિનો સાહિત્યિક પરિચય આપ્યો છે. કવિચેતના, કાવ્યવિષયો, નિરૂપણપદ્ધતિ, કાવ્યાદર્શ, કાવ્યની વિશેષતાઓ, કવિકર્મ, કાવ્યની ભૂમિકારૂપ અતીતની ઝંખા જેવાં કવિનાં કાવ્ય વિશેષોનો પરિચય કરાવ્યો છે. આંતરકૃતિત્વ, તુલનાત્મકતા, સર્જકનાં ઘડતર પરિબળો, સર્જક પરિબળો અને સર્જકતા જેવાં પાસાંની ચર્ચા કરી છે. કવિએ અતીતરાગને પોતાનાં કાવ્યોમાં કાવ્યરીતિ તરીકે પ્રયોજયો છે. ઘણી કવિતાઓમાં વતન અને વગડાની સ્મૃતિકથાને કાવ્યવિશ્વમાં પરિવર્તિત કરતો કાવ્યકસબ વિવેચકે સદષ્ટાંત પ્રમાણ્યો છે. વિવેચકે સર્જકલક્ષી, ઐતિહાસિક અને તુલાનાત્મક અભિગમથી કૃતિનાં ઘટકતત્ત્વો અને સર્જકસંદર્ભને સ્પષ્ટ કરી આપ્યાં છે.

સુરેશ જોષીએ ઊભાં કરેલાં આધુનિક સાહિત્યના પ્રતિમાનોને અનુઆધુનિક તબક્કે ચકાસ્યાં છે. સુરેશ જોષીની નર્મદ સાથે તુલના કરી છે. એમણે પણ પૂર્વેના યુગથી ફંટાઇ, નવાં સાહિત્યિક પ્રતિમાનો સ્થાપી આધુનિકતાના સૂક્ષ્મ ફલક પર ગુજરાતી સાહિત્યને મૂક્યું.

---

૧. સહવર્તી/પરિવર્તી પૃ. ૧૦૬

૨. એજન પૃ. ૧૧૯

અનુઆધુનિક સમયનાં વિચારપ્રવાહોમાં સુરેશ જોષીનાં રૂપનિર્મિતિનાં શુદ્ધ સાહિત્યની ઉપયુક્તતા ચકાસી છે. અર્વાચીનયુગમાં કૃતિવિચાર બાહ્ય સંદર્ભો પર અવલંબિત હતો. વિવેચકે અર્વાચીનતામાં સામગ્રીલક્ષી અને સંદર્ભલક્ષી અનુવાદ પ્રતિમાન દર્શાવ્યું છે, જે આધુનિકતામાં સુરેશ જોષીના પ્રદાનને કારણે રૂપાન્તર પ્રતિમાન બન્યું. અનુઆધુનિકતાએ કૃતિને ફરીથી બાહ્યસંદર્ભો અને પ્રવાહો સાથે સાંકળી છે. આ સંબંધ સંસ્કૃતિની બૃહદ વ્યવસ્થા અંતર્ગત રહેલા સ્વકીય વ્યવસ્થાતંત્રનો, અવલંબન સાથે સ્વાયત્તતાના સ્વીકારનો છે. તેથી અનુઆધુનિકતાનો જીવનવાદી અભિગમ પૂર્વ આધુનિક જીવનસંદર્ભથી તદ્દન જુદો છે. અનુઆધુનિકતા માટે આધુનિકતા અને આધુનિકતા માટે અર્વાચીનતાની સમજ જરૂરી છે એમ સૂચવતાં વિવેચક કહે છે કે-'સુરેશ જોષીએ આધુનિકતાનું જે વ્યાકરણ અને વાતાવરણ જુદું તારવી આપ્યું છે એનો આજે પણ ખપ છે'. [૧]

વિવેચકે ઐતિહાસિક, સાંસ્કૃતિક અને તુલનાત્મક અભિગમ અપનાવ્યો છે. અનુઆધુનિકતાના સમયસંદર્ભોમાં સુરેશ જોષીનાં રૂપનિર્મિતિ અને રૂપાંતરણના સિદ્ધાંતની વિચારણા કરી છે. લેખમાં મોટોભાગ અનુઆધુનિકતાવાદનાં પ્રવાહો, વલણો, સિદ્ધાંતો અને અર્વાચીનતા-આધુનિકતા-અનુઆધુનિકતા વચ્ચેની વ્યાવર્તકતાઓ રોકે છે. વિવેચક દ્વારા રજૂ થયેલી સર્જકની ચર્ચા પુનર્મૂલ્યાંકનની પદ્ધતિ અને વ્યવસ્થાને અપનાવતી નથી. તેથી ત્રણે તબક્કાના લક્ષણો, સુરેશ જોષીનું પથદર્શક નીવડે એવું પ્રદાન અને અનુઆધુનિકતામાં એમનાં સિદ્ધાંતોની ઉપયુક્તતા જેવાં વિચારોને ટૂંકમાં (અઢી પાનામાં) રજૂ કરતા આ લેખનું 'સુરેશ જોષી પુનર્મૂલ્યાંકન' શીર્ષક છેતરામણું બને છે.

વિવેચકે 'મધ્યમાલા' પુસ્તકમાં આઠ મધ્યકાલીન કવિઓ વિશે સર્જકકેન્દ્રી વિવેચન કર્યું છે. નરસિંહ મહેતાના પ્રભાતિયા 'જળ કમળ છાંડી જા ને બાળા'ની ભાવકલક્ષી અભિગમથી ચર્ચા કરી છે. આ કૃતિની પડછે સર્જકની પ્રતિભા અને સર્જકકર્મને પ્રમાણ્યું છે. કૃતિમાં વર્ણન-સંવાદની તરેહ, નાગણ, કૃષ્ણ અને

---

૧. સહવર્તી/પરિવર્તી પૃ. ૧૧૬

વર્ણનકારના ત્રણ ભિન્ન અવાજ તથા શબ્દપસંદગીની વિશેષતાને ઉદાહરણ સાથે દર્શાવી આપી છે. વિવિચકે ઉદ્‌બોધકની ભાષા પ્રયોજી છે. સંભવિત વાચકોને ઉદ્‌બોધન કરી સંવાદ સાધવાની ભાષા અને શૈલી અખત્યાર કર્યાં છે. વિવેચકે ‘તમે ઊઠો છો’; ‘તમે સાંભળો છો’, ‘થોભો’ જેવા ઉદ્‌બોધનો કર્યાં છે. વિવેચકે નોંધ્યું છે કે

‘કવિએ શરૂઆતમાં યોજેલો અનુપ્રાસ જલ અને કમલ બરાબર માણો, જરાક કાન સરવા કરો તો સરોવરની પડતી અને ઉપડતી લહેરની છલછલ દેખાશે નહી, સંભળાશે’[1]. – અહીં થોડો સમજફેર છે. કૃષ્ણ યમુનાનદીના ધરામાં દડો લેવા ગયા હતા સરોવરમાં નહીં. વિવેચકે સરોવર શબ્દ માત્ર દૃષ્ટાંત માટે ઉપયોગમાં લીધો હોય તો પણ સરોવરના બંધિયાર સ્વરૂપને કારણે એમાં ઊઠતી લહેર નાજુક હોય અને એનો અવાજ ના હોય. આ ઉદાહરણ ભાવકજન્ય પ્રતીતિનું હોઇ, બધાંની પ્રતીતિ સમાન ન હોઇ શકે. તેથી આ મુદ્દો જ્ઞાનનો નક્કર નહીં પણ અનુભૂતિનો સાપેક્ષ કે લવચીક વિષય બને છે.

‘મીરાં’[2] વિશેના લેખમાં મીરાંના જીવન વિશે, પુષ્ટિમાર્ગી સંપ્રદાય અને મુખડાની માયા લાગી રે’ કાવ્ય વિશે ચર્ચા કરી છે. વિવેચકના મતે મીરાંનું જીવનનું વૈધવ્ય એના ચિત્તમાં જે તાણ ઊભી કરે છે એ એનાં કાવ્યોમાં વ્યકત થાય છે. વિવેચકે મનોવૈજ્ઞાનિક વિશ્લેષણનો આધાર લઇ મીરાંની ચિત્તસ્થિતિ અને કૃતિગત અભિવ્યક્તિને સાંકળી છે. વિવેચકે બીજી નોંધ કરી છે કે પુષ્ટિમાર્ગી સંપ્રદાયના પુરુષકવિઓએ સ્ત્રીભાવ ઓઢેલો હોય છે, જયારે મીરાંનો સ્ત્રીભાવ સહજ છે. તેથી એની અભિવ્યક્તિ જુદી, વિશિષ્ટ, સ્વાભાવિક અને સમર્થ પુરવાર થઇ છે. મીરાંના પદના ભાવસંવેદન સંદર્ભે નોંધ કરી છે. વિવેચકે સર્જકલક્ષી, કૃતિલક્ષી, મનોવૈજ્ઞાનિક, તુલનાત્મક અભિગમ અપનાવ્યો છે.
‘અખા’[3] વિશેના લેખમાં અખાની સર્જક વિશેષતાઓ દર્શાવી છપ્પાનું સ્વરૂપ, અખાની સિદ્ધિ, કાવ્યવિષયો અને અભિવ્યક્તિ વિશે ચર્ચા કરી છે.

---

૧. મધ્યમાલા પૃ. ૩૯
૨. એજન પૃ. ૪૨
૩. એજન પૃ. ૪૭

'અખેગીતા'નો પરિચય કરવી એમાં જ્ઞાનતત્ત્વ અને તત્ત્વજ્ઞાનને કાવ્યતત્ત્વ અને કાવ્યજ્ઞાનમાં રૂપાંતરિત કરવાની અખાની કુશળતાને મૂલવી છે. અખાની દષ્ટાંતો દ્વારા અભિવ્યક્તિની કલાને 'અખેગીતા'ના ૧૪મા કડવાના દષ્ટાંતનેં આધારે પ્રમાણી છે. સર્જકલક્ષી, ભાવકલક્ષી અભિગમ અપનાવો છે. આરંભના ઉદ્બોધન પછીની શૈલી વર્ણનાત્મક ઢબની છે. રૂપકાત્મક ભાષા પણ વિવેચકે પ્રયોજી છે.

'શામળ'[૧] વિશેના લેખમાં શામળની સાહિત્યસૃષ્ટિની ઓળખ ભૂમિકારૂપે રજૂ કરી છે. શામળની સર્જનપદ્ધતિ વિશે, સર્જકકર્મ વિશે નોંધ કરી છે. શામળની પદ્યવાર્તાઓમાં આવતા છપ્પા અને સમસ્યાઓને પ્રવિધિ તરીકે વિવેચકે ઓળખાવ્યા છે. શામળની વાર્તાઓને એના યોગ્ય પરિપ્રેક્ષ્યમાં રંજનના ઉદ્દેશ માટેની ગણી છે. છપ્પાને અને સુભાષિતોને વાર્તારસ મારી નાખતી વ્યવહારડાહી વાતો તરીકે મૂલવ્યાં છે. સમસ્યા વાર્તાને ઘણીવાર વેગ આપે છે, ગૂંચ ઉકેલે છે અને રસ વધારે છે. વિવેચકે શામળની બે સમસ્યાઓનું વિવરણ કરી એનું સંવેદન સ્પષ્ટ કર્યું છે.

'પ્રેમાનંદ'[૨] લેખમાં કવિપ્રેમાનંદની સર્જકકર્મ અને સંવેદનનિરૂપણની વિશેષતાને ચલચિત્રની દૃશ્યપરંપરાની પ્રયુક્તિને પ્રેમાનંદના આખ્યાન 'કુંવરબાઈનું મામેરું'માં પ્રયોજીને સદષ્ટાંત વર્ણવી છે. વિવેચકે નોંધ્યું છે કે નવલરામે કરેલા પ્રેમાનંદના વિવેચનથી આપણે આગળ વધી શક્યા નથી. વિવેચકની શૈલી સંભવિત વાચક સાથે સંવાદ સાધતા હોય તેવી છે. પ્રેમાનંદના વિવેચનને નવી દિશામાં વાળવું પડશે એમ સૂચવતાં કૃતિની મહત્તા અને સામર્થ્ય વિવેચનનાં ઓજારોની અપેક્ષા રાખે છે એમ દર્શાવ્યું છે.

'જીવણ'[૩] વિશેના લેખમાં દાસી જીવણ તરીકે ઓળખાતા કવિની પંક્તિઓ આરંભે રજૂ કરી છે. વિવેચકે દયારામ, અને મીરાં સાથે કવિની તુલના કરી છે. જીવણના ગુરુજી ભીમસાહેબનો એક પ્રસંગ ટાંક્યો છે. જીવણની રહસ્યવાદી

---

૧. મધ્યમાલા પૃ. ૫૧
૨. એજન પૃ. ૫૬
૩. એજન પૃ. ૬૧

ચાર્જ કરેલી ભાષા વિશે વિવરણ કર્યું છે. એ ભાષામાં રહેલી વિવિધ અર્થબોધની શક્યતા દર્શાવી છે. ભક્ત કવિની કૃતિને કાવ્યપદારથ તરીકે જોતાં જીવણ કવિ તરીકે અવશ્ય ટકી શકે એવો મત આપી જીવણની કેટલીક પંક્તિઓના આધારે કવિકર્મ તપાસ્યું છે.

મધ્યકાળની શાકત પરંપરાના ગરબાનો ઉલ્લેખ કરી ગરબા અને ગરબા રચનારા વલ્લભ મેવાડા જેવા કવિઓ વિશે જણાવ્યું છે. ભાણદાસ, વલ્લભ મેવાડા અને શિવરામ નામના કવિની એક જ વિષયની રચના 'ગગનનો ગરબો'[1]ને તુલનાત્મક દષ્ટિથી તપાસી ભાણદાસના ગરબાને ચડિયાતો દર્શાવ્યો છે. ભાણદાસના ગરબાના વિસ્તૃત વિવરણમાં ભાષા, રૂપક, લય કલ્પનાશક્તિની નોંધને આવરી લીધી છે. વિવેચકનું આ વિધાન સંદિગ્ધ રહે છે-

'બીજી મજા જોઇ? પહેલી ટુંકમાં 'ગુણ ગરબી રે' માં ગુણને ગરબીના વિશેષણ રૂપે લેવાશે. પણ બીજી ટુંક 'ગાઉં ગુણ ગરબી રે' માં ગુણ વિશેષણ તરીકે તો લેવાશે જ. પણ બીજી રીતે પણ લેવાશે જેમકે 'ગાઉં ગુણ ગરબી રે !' આમ 'ગુણ ગરબી'નો સુવાસ અને 'ગાઉં ગુણ ગરબી રે'નો વાક્યખંડ ચમત્કારી ગગન/ગાગરડી/ગુણ/ગરબીમાં ચાલતો એક જ 'ગ' વર્ણ કેવું સંગીત રચે છે ! '[2]

ભાણદાસે ગગનમંડળની ગાગરડી સૂર્યચન્દ્ર દીવાઓ, પૃથ્વી પાત્રનું કોડિયું, મેરૂ પર્વતની વાટ, સાત સાગરનું તેલ, સ્થાવર જંગમની ભસ્મ, કાચબાની ગાદી, શેષનાગના ગૂંચળાની ઈંઢોણી, અંબરનું ઢાંકણું જેવા રૂપકો દ્વારા ગરબે રમતી જોગમાયાનું તાદશ ચિત્ર ઉપસાવી એનું ભવ્યકરણ કર્યું છે.

'દયારામ'[3] લેખમાં દયારામની ભાષાની વિવિધ મુદ્રાઓ વિશે નોંધ લેવાઈ નથી અને દયારામની કાવ્યસમૃદ્ધિની ઉપેક્ષા કરવામાં આવી છે; એમ વિવેચકે સખેદ નોંધ્યું છે. વિવેચકે દયારામની ગરબીઓમાં ઉક્તિઓની વિશેષતા પ્રમાણી છે. દરેક ગરબી એક ઉક્તિ છે એમ કહી વિવેચકે ઉક્તિનો ભાષાપ્રભાવ, સંબોધિત

૧. મધ્યમાલા પૃ.૬૬
૨. એજન પૃ.૬૯
૩. એજન પૃ. ૪

વ્યક્તિ કે વસ્તુ અને જુદાજુદા ભાષાસ્તર વિશે સદષ્ટાંત નોંધ કરી છે. નાટ્યાત્મકતા કવિ કઇ રીતે સિદ્ધ કરે છે તે દર્શાવ્યું છે. આધુનિક ભાષાવિજ્ઞાન દ્વારા વિવિધ બોલીના સ્તરને પ્રમાણી શકાય. દયારામની ગરબીમાંથી થોડા ઉદાહરણો દ્વારા જુદાજુદા ભાષકની ઉક્તિમાં વ્યકત થતા ભાષાના ભેદોને ટૂંકમાં દર્શાવ્યા છે. વિવેચકનો અભિગમ સર્જકલક્ષી, ઐતિહાસિક બને એટલે કે ભાષાવિજ્ઞાનલક્ષી છે.

આ પુસ્તકના લેખોમાં આ આઠ લેખો મધ્યકાલીન કવિઓ વિશેની ટૂંકી જીવનલક્ષી માહિતી અને એમની કોઇ એક કૃતિના વર્ણન-વિવરણ દ્વારા એમની કવનલક્ષી માહિતીને વર્ણવે છે. પ્રત્યક્ષ વિવેચનના કૃતિસમીક્ષા કે અવલોકનના કોઇ નિશ્ચિત માળખાંને આ લેખો અનુસરતા નથી. વિવેચકનો ઉદ્દેશ્ય કોઇ કૃતિની પડછે. સર્જકનો પરિચય આપવાનો છે. સર્જકનો પરિચય એના યુગસંદર્ભ, જીવનસંદર્ભ, કાવ્યસંદર્ભ અને શૈલીના આધારે ઉપસાવ્યો છે.

૫.૧.૨ સુરેશ જોષી

વિવેચકે Trend seter તરીકે સુરેશ જોષીને આ પુસ્તિકામાં ઓળખાવ્યા છે. વિવેચકે નર્મદને અર્વાચીનોમાં આદ્ય તેમ સુરેશ જોષીને આધુનિકોમાં આદ્ય તરીકે અવારનવાર નવી પદ્ધિતિ, નવોન્મેષ, નવી પ્રણાલિ અને નવી વિભાવનાના સાહિત્યકાર તરીકે પુરસ્કાર્યા છે. આવા સાહિત્યકાર વિશે વિવેચકે સાત પ્રકરણમાં વાત કરી છે : ભૂમિકા, કવિતા, નિબંધ, લઘુનવલ, ટૂંકીવાર્તા, વિવેચન અને અનુવાદ- સંપાદન.

'ભૂમિકા'ના પ્રકરણમાં સુરેશ જોષી સર્જકતાને ઘડનારાં પરિબળોની ચર્ચા કરી છે. એમના વ્યકિતત્વનો પરિચય એમનાં જીવનઘડતર અને રુચિઘડતરના પરિબળોના સંદર્ભે આપ્યો છે. સુરેશ જોષીનું બાળપણ, બાળપણની સ્મૃતિઓ, વાંચન શોખ, વિશ્વસાહિત્યના આધુનિક અને ઉત્તમ સર્જકોનો પ્રભાવ, કાર્યક્ષેત્ર,

અભિગમો, આગ્રહો અને સાહિત્યને જોવા-મૂલવવાનો દષ્ટિકોણ : આ બાબતો સર્જકના ઘડતરમાં મુખ્ય છે. સર્જકની કાવ્યવિભાવના, સર્જનપ્રક્રિયા, સર્જકકર્મ વિશેની વિચારણાને ટૂંકમાં રજૂ કરી છે. ભૂમિકાનું પ્રકરણ સર્જકલક્ષી અને ઐતિહાસિક અભિગમને વિશેષપણે અનુસરે છે.

'કવિતા' પ્રકરણમાં સુરેશ જોષીના ચાર કાવ્યસંગ્રહો 'ઉપજાતિ', 'ઇતરા', 'પ્રત્યંચા' અને 'તથાપિ'ની કૃતિલક્ષી સમીક્ષા કરી છે. આ સંગ્રહોમાંથી ઉપસતી સર્જકની સર્જક-પ્રતિભા, સંવેદના, રચનારીતિ, વર્ણ્યવિષયો, કલ્પન, પ્રતીક, તરંગ, લાગણીતર્ક, પ્રજ્ઞા, પ્રયોગ, સામગ્રી જેવાં ઘટકો, ઉત્તરોત્તર વિકસતી ગતિ અને કવિચેતનાના સંદર્ભે વિગતે અભ્યાસ રજૂ કર્યો છે. દરેક સંગ્રહમાં અભિવ્યક્તિ અને તરાહોની ભિન્નતા વિવેચકે દર્શાવી છે. વિવેચકનો ઉદ્દેશ સર્જક-પરિચય નથી પણ વિવરણ-સમીક્ષા દ્વારા સર્જનની ઉચિત નોંધ લેવાનો છે. વિવેચકની ભાષા તુલનાત્મક, રૂપકાત્મક, વર્ણનાત્મક અને મૂલ્યાંકનપરક અભિવ્યક્તિને પામી છે. ચાર પાનાનું આ પ્રકરણ પુસ્તિકાની પહેલાં લખાયેલા પુસ્તક 'ગ્રંથઘટન'માં સમાવિષ્ટ છે. આ સંગ્રહોની સમીક્ષા ૧૯૮૦ના વર્ષની સમીક્ષાઓમાં સમાવી છે. સ્વાભાવિક રીતે જ આ સમીક્ષા ત્યાર પછીના વર્ષોમાં લખાઇ હશે. વિવેચકે કોઇ જ નોંધપાત્ર ફેરફાર વિના પોતાની પૂર્વ પ્રકાશિત સામગ્રીનો ઉપયોગ કર્યો છે. એકંદરે કવિ સુરેશ જોષીના વિકાસનો આલેખ અને કૃતિલક્ષી પરિચય મળે છે, તેથી આ પ્રકરણ વિશે કોઇ ઝાઝી ફરીયાદ રહેતી નથી. પ્રકાશિત સામગ્રી લેખકની અંતિમ પ્રત છે એમ માની લેવાનું રહે છે. અર્થાત્ જે-તે વિષયમાં તે સમયે લેખકને જે કાંઇ કહેવું છે તે બધું જ કહી દીધું છે. થોડાં વર્ષો પછીના મુદ્રણમાં પણ જો કોઇ ફેરફાર ન હોય તો એમ સ્વીકારી શકાય કે હવે આ વિષયમાં લેખકને કશું કહેવું નથી અને એમના મંતવ્યો કે તારણો એનાં એ જ છે. આ સિવાયની એમની બીજી કોઇ પ્રતીતિ નથી.

ત્રીજા પ્રકરણ 'નિબંધ'માં સુરેશ જોષીના નિબંધસંગ્રહોની સમીક્ષા કરી છે. સુરેશ જોષીના નિબંધોને વિવેચકે મોન્તેનની અવસ્થાની ખૂબ નજીકની અવસ્થાના કહ્યા છે. સુરેશ જોષીના નિબંધો એમની માનસયાત્રા છે. પરિવેશ સાથેનો સક્રિય

સંવાદ છે. આ નિબંધો આત્મપરાયણ, સ્મૃતિપરાયણ છે. એમાં ઇન્દ્રિયોનો વ્યાપાર છે અને સંબદ્ધ સાહચર્ય સંવેદનો છે. વિવેચકની ભૂમિકા સર્જકના તમામ નિબંધસંગ્રહોમાંથી પ્રગટતી સર્જકની ચેતના, એનું ભાવવિશ્વ અભિવ્યક્તિની પદ્ધતિ અને વર્ણ્યવિષયોની વિવેચનાત્મક, વિશ્લેષણાત્મક તપાસની છે. વિવેચકે કાકાસાહેબ કાલેલકરના નિબંધો સાથે પણ સર્જકની તુલના કરી છે. સર્જકની આ પ્રકારની અભિવ્યક્તિ અને વિષયોની પડછે, સર્જકના બાળપણને સાંકળ્યું છે. સર્જકના એક નિબંધનું સઘન વાચન કરી એના નિબંધન અને સ્થાપત્યનું વિશ્લેષણ કર્યું છે. વિવેચકે સર્જકના આંતરજગતને ઊઘાડી આપ્યો છે. સર્જકના ગદ્ય અને ભાષાનો પરિચય મળે છે. આ પ્રકરણની ચર્ચા વિવેચકે ઐતિહાસિક, સર્જકલક્ષી, કૃતિલક્ષી અભિગમથી કરી છે.

ચોથા પ્રકરણમાં સુરેશ જોષીની ચાર લઘુનવલ 'વિદુલા', 'કથાચક્ર', 'છિન્નપત્ર' અને 'મરણોત્તર'ની સમીક્ષા કરી છે. 'વિદુલા'ને વિવેચકે લાંબી વાર્તા કે લઘુનવલ બંને સ્વરૂપે શિથિલતાથી ઓળખાવી છે.[૧] ચારે નવલકથાનું કથાનક, એને વિકસાવવાની સર્જકની રીતિ, સંવાદો, ભાષા, પાત્ર, પરિવેશ, પ્રયુક્તિઓ, કથાબંધ, કલ્પનયોજના જેવાં વિવિધ પાસાંઓની પૃથક્કરણાત્મક તપાસ ઉદાહરણો સાથે કરી છે. વિવેચકે સર્જકની ભાષા સંદર્ભે નોંધ્યું છે કે દરેક પાત્ર સુરેશ જોષીની ભાષા બોલે છે, નિબંધકારની ભાષા અવારનવાર પ્રવેશી જાય છે, સર્જકની આત્મકથનાત્મક અભિવ્યક્તિને કારણે સર્જકની વ્યક્તિચેતનાથી પાત્રચેતના અને પરિવેશ એટલાં અભિન્ન રહે છે કે સર્જકની ભાષાનું અનુસંધાન બધે જ ચાલુ રહે છે. આ પ્રકરણમાં લઘુનવલની તપાસ કૃતિલક્ષી, સર્જકલક્ષી, અને તુલનાત્મક અભિગમથી કરી છે. લઘુનવલનાં ઘટકોની ઉપકારકતા ચર્ચી છે. મરણોત્તરની તપાસમાં અન્ય વિવેચકોના અભિપ્રાયો, વિવેચન અને એક ઘટનાનો આધાર લીધો છે. મરણોત્તરને પિસ્તાળીસ ઘટકોમાં વહેંચી એના સ્થાપત્ય અને રચનારીતિની ચર્ચા કરી છે. કૃતિનાં વિશ્લેષણ-તારણની પદ્ધતિને અનુસર્યા છે. સર્જકની વ્યક્તિચેતનાના પ્રક્ષેપ વિવેચકને ઉચિત લાગ્યા નથી, છતાં પરંપરાથી ઊફરા જઇને નવો ચીલો ચાતરવાનો સર્જકનો પ્રયાસ એમણે વધાવ્યો છે.

૧. સુરેશ જોષી પૃ. ૨૧

'મરણોત્તર' લઘુનવલની ચર્ચા આ પુસ્તિકાના છ વર્ષ પહેલાં પ્રગટ થયેલા વિવેચકના પુસ્તક 'વિવેચનનો વિભાજિત પટ'માં સમાવિષ્ટ છે. તેની નોંધ લેવી જરૂરી બને છે. આ પુસ્તિકાના પૃષ્ઠ નંબર : ૩૦ ના બીજા ફકરાથી શરૂ કરીને પૃષ્ઠ નંબર : ૩૮ ના છેલ્લેથી બીજા ફકરા સુધીનો ખંડ 'વિવેચનનો વિભાજિત પટ'[૧]ના લેખના આરંભના બીજા ફકરાથી અંત સુધીની સામગ્રી જ છે.

પાંચમું પ્રકરણ 'ટૂંકીવાર્તા' વિશે છે. સુરેશ જોષીના પાંચ વાર્તાસંગ્રહની ટૂંકી વાર્તાઓ વિશે ચર્ચા કરી છે. ટૂંકીવાર્તાના સ્વરૂપમાં સર્જકના પ્રસ્થાન અને એને કારણે સ્વરૂપમાં જે પરિવર્તનો આવ્યાં એની નોંધ સર્જકની સિદ્ધિઓને અનુલક્ષીને કરી છે. ટૂંકીવાર્તાનાં કથાનકો, રચનારીતિ, આકૃતિ, સ્થાપત્ય રચના, પ્રવિધિઓ, કથાતત્વ, ભાષા, સ્વરૂપકરણ, વ્યંજના, રંજકતા, પ્રતીકાત્મકતા, અલંકરણ જેવાં વિવિધ અંગોને સર્જકકર્મના સંદર્ભે તપાસ્યાં છે. અન્ય પ્રકરણો કરતાં નિબંધ, લઘુનવલ અને ટૂંકીવાર્તાના પ્રકરણોમાં વિવેચકે સઘન ચર્ચા કરી છે. સર્જકના નવપ્રસ્થાનોમાં કલ્પન-પ્રતીકનો વિનિયોગ, રચનાનું સંઘટન, સર્જકની રચનારીતિ, મનઃસંચલનોને અસરકારક પદ્ધતિએ વ્યકત કરતું ગદ્ય, યુકિત-પ્રયુકિતઓનો સફળ વિનિયોગ અને પરંપરાથી ઊફરાં જઇને સ્થપાતા નવા પ્રતિમાનને ગણાવે છે. જયારે સીમાઓ રૂપે મુખરતા, એકવિધતા, પ્રયોગદાસ્ય, પરિહાર્યતા, સ્વનું જ અનુકરણ, કૃતકપ્રયોગો, સાયાસ નિરૂપણ, નિબંધશૈલીમાં સરી જતી ભાષા, બિનજરૂરી વિસ્તાર અને સર્જકના પ્રક્ષેપને ગણાવ્યાં છે. સર્જકની ટૂંકીવાર્તા ક્ષેત્રની પ્રવૃત્તિનો સુવ્યવસ્થિત આલેખ વિવેચકના મૂલ્યાંકન, અર્થઘટન, આસ્વાદન અને વિવરણ સાથે અહીં રજૂ થયો છે.

છઠ્ઠા પ્રકરણમાં સુરેશ જોષીની વિવેચનપ્રવૃતિની તપાસ એમનાં 'દસેક જેટલા' વિવેચનસંગ્રહોના આધારે કરી છે. વિવેચક તરીકે સુરેશ જોષીનાં અભિગમો, મૂલ્યાંકનનાં ધોરણો, સાહિત્યને શુદ્ધ સ્વરૂપે પામવાના પ્રયત્નો, સાહિત્યની ભાષાત્મક કે સંકેતાત્મક ધરીનો પુરસ્કાર અને આકાર-પ્રક્રિયા-પરિશ્રમનો સમાદર કરવાની વૃત્તિ જેવી વિશિષ્ટતાની વિવેચકે નોંધ લીધી છે.

---

૧. વિવેચનનો વિભાજિત પટ પૃ. ૨૬૫ થી ૨૭૫

'અષ્ટમોડધ્યાય' અને 'કાવ્યચર્ચા' સિવાયના સંગ્રહોનો ટૂંકો, બે-પાંચ વાકયોમાં માહિતીલક્ષી પરિચય આપ્યો છે. એમાંથી ઉપસતી સુરેશ જોષીની વિવેચક છબી, લાક્ષણિકતા, ખાસિયતો, અભિગમ, ભૂમિકા, ઉદ્દેશની નોંધ લીધી છે. 'અષ્ટમોડધ્યાય' વિશેની ચર્ચા 'ગ્રંથઘટન'[૧]માં ૧૯૮૩ના વર્ષની સમીક્ષામાં ભાગ્યે જ કોઇ ફેરફાર વિના સમાવિષ્ટ છે. 'કાવ્યચર્ચા'ના એક લેખ 'દક્ષિણદષ્ટિ વિવેચન?'ની સઘન વાચના કરી છે. આ બંને કૃતિલક્ષી ભૂમિકાએથી થયેલું વિવેચન છે. 'શ્રુણવન્તુ', 'અરણ્યરુદન', 'ચિંતયામિ મનસા', 'કિંચિત્' વિશે માત્ર માહિતીલક્ષી નોંધ છે. અધિકૃત વિવેચક પાસેથી એક Major critic ની પૂરી સાહિત્યયાત્રા, વિકાસયાત્રાનો આલેખાત્મક નકશો મળવો જરૂરી હતો. વિવેચકને સુરેશ જોષીના સૈદ્ધાંતિક વિચારના પ્રતિપાદનમાં વિનિયુકત લેખનની ઓછી સંખ્યા નોંધનીય સીમા લાગી છે. અંગ્રેજીથી પ્રભાવિત ભાષા અને તે અનુસાર વાકયરચનાની પણ એક સીમા લેખે નોંધ કરી છે.

વિવેચકનો આ રીતે પોતાની જ તૈયાર સામગ્રીનો ઉપયોગ કરી લેવાનો નુસ્ખો 'કાવ્ય'ની ચર્ચા કરતાં 'વિવેચન'ની ચર્ચામાં ખાસ્સો પ્રાણઘાતક નીવડયો છે. વિવેચક સુરેશ જોષીની યોગ્ય મુદ્રા ઉપસાવી શકાઇ નથી. વિવેચક પોતે જે પ્રતિભાને Trend Sater પરંપરા સ્થાપક તરીકે ઓળખાવે છે, તે સુરેશ જોષીનું કૃતિલક્ષી, પદ્ધતિલક્ષી, અભિગમલક્ષી વિધાનો દ્વારા સમસામયિક મહત્ત્વ અને મૂલ્ય એમના સમગ્ર કાર્યની અને વિચારણાની ભૂમિકામાંથી ઉપસાવી આપવું જરૂરી હતું. સામાન્ય અભ્યાસીની અપેક્ષા પણ આવાં પ્રાસંગિક વિવેચનોને આમેજ કરીને એકાંગી અભ્યાસ રજૂ કરવાથી સંતોષાતી નથી. વિવેચકે નિબંધકાર,વાર્તાકાર અને લઘુનવલકથાકાર તરીકે સુરેશ જોષીની છબી વધુ ઉચિત પરિપ્રેક્ષ્યમાં રજૂ કરી છે. 'મરણોત્તર'ની ચર્ચામાં ઘણાં પાસાં આવરી લેવાયાં છે, તેથી એ ચર્ચા એકાંગી બનતી નથી. જયારે કવિ અને વિવેચક સુરેશ જોષીની ચર્ચાની માત્ર કૃતિલક્ષી નોંધો સુરેશ જોષીના અંતરંગ, બહિરંગના મહત્તમ પાસાંને સ્પર્શતી નથી.

---

૧. 'ગ્રંથઘટન' પૃ.૭૦

અંતિમ પ્રકરણ અનુવાદ-સંપાદનનું છે. જેમાં જુદાજુદા સ્વરૂપોનાં અનુવાદ-સંપાદનનાં પુસ્તકોનાં ઉલ્લેખ સાથે એનો માહિતીલક્ષી પરિચય આપ્યો છે. કોઇ વિશિષ્ટતા કે ઘટનાને દર્શાવી છે. અનુવાદમાં રહેલી બે ત્રણ ક્ષતિઓ તરફ ધ્યાન દોર્યું છે. સામયિકોના સંપાદનના નામોલ્લેખ સાથે એનો સમયગાળો દર્શાવ્યો છે. સામયિકોનાં મૂલ્યાંકન, પૃથક્કરણ, ઉદ્દેશ, સફળતા, સિદ્ધિ, ખાસિયત : કશું જ નોંધ્યું નથી. સંદર્ભગ્રંથોની યાદી કે પરિચય મિતાક્ષરી જેવું આ પ્રકરણ છે.

ઉપસંહારમાં વિવેચકે આરંભથી જ જે ચર્ચા સુરેશ જોષીના પ્રદાન, સિદ્ધિ, પ્રસ્થાન, નવોન્મેષ, પ્રયોગલક્ષિતાના સંદર્ભે કરી છે, તેનો એક ફકરામાં ફરીથી પડઘો પાડયો છે.

પદ્ધતિ તથા વિચારની રજૂઆત અને તપાસની ભૂમિકામાં એકવાકયતા રહી નથી. વિવેચકની પદ્ધતિ કયારેક આત્મલક્ષી તો કયારેક વસ્તુલક્ષી બની છે. એમ કહેવાનો આશય નથી કે એક જ પદ્ધતિ અપનાવવી જોઇએ, પણ સર્જકને યોગ્ય ન્યાય નથી આપી શકાયો એની પાછળ આ એક કારણ હોઇ શકે. કારણ કે કેટલીક કૃતિઓ વિશે સાદી ટૂંકી નોંધ આપી છે. કોઇ મહત્ત્વનાં પાસાંની જેમ કે - સામયિકોની પ્રવૃત્તિની સદંતર ઉપેક્ષા થઇ છે, તો કોઇ મુદ્દો સિદ્ધ કરવા માટે આ પુસ્તિકાના કદ અને જરૂરિયાત જોતાં નિરર્થક લાંબી ચર્ચા કરી છે. જેમ કે- 'મરણોત્તર'ની ભાષા વિશે સાધાર ચર્ચા કરતાં પરિસંવાદની ઘટના સાથે ત્રણ-ચાર ફકરા નમૂનારૂપે આપવાનું વલણ. 'કિંચિત્' જેવા સંગ્રહ વિશે બે-ત્રણ વાક્યમાં તપાસ આવરી લીધી છે. 'કાવ્ય-પ્રતીક અને સાહિત્યશિક્ષણ પરત્વે સદંતર બદલાયેલા અભિગમનો એમાં સ્પર્શ છે.'[૧] -આ વિધાનને કોઇ આધાર, વિશ્લેષણ, ચર્ચા, ઉદાહરણથી દઢ કર્યું નથી. આ વિધાન એના ઉચિત પરિપ્રેક્ષ્યમાં ચર્ચાય તો કૃતિનું યોગ્ય મૂલ્યાંકન થયાની પ્રતીતિ થાય. 'મરણોત્તર'ની ચર્ચામાં વિવેચકનો ઉદ્દેશ સુરેશ જોષીની ભાષાગત સીમાને ઠોસ રીતે દર્શાવવાનો છે. 'કિચંત્'માં વિવેચકનો ઉદેશ એક વાકયમાં પુસ્તકનો પરિચય કરાવવાનો છે. આમ, વિવેચકનાં ઉદ્દેશ, પદ્ધતિ અને Focus બદલાતાં

૧. સુરેશ જોષી પૃ. ૫૬

રહે છે. સર્જકનો પરિચય આપતી આ પુસ્તિકાનાં છાંસઠ પાનાંમાંથી સોળ પાનાં તો Readymade જ હતાં. કેટલાંક અવતરણો, પુનરાવર્તનો અને આધારો બાદ કરતાં જે મૌલિક નિરીક્ષણો અને મૂલ્યાંકનો મળે છે તે સર્જક પરિચયમાં ઉપયોગી સાબિત થાય એવાં છે.

બે- એક વિગતદોષ આ પુસ્તિકામાં છે. પાન-નં.૭૫ પર મિખાઇલ(માઇકેલ) શોલોખોવની નવલકથાનું નામ 'ક્વાયેટ ફ્લોઝ ધી ડોન' છપાયું છે. જે મૂળ નામ છે- 'એન્ડ ક્વાયેટ ફ્લોઝ ધી દોન (ડોન)'. ગુજરાતી સાહિત્ય પરિષદ ગ્રંથાલય વતી તૈયાર કરેલી સૂચિમાં પાન નં-૭૮ પર ચન્દ્રકાન્ત ટોપીવાળાના એક વિવેચન લેખ વિશે 'અણઘડ અસ્વાદન'- 'અપરિચિત ञ અપરિચિત ब' (૧૯૭૫)-૪૯-૫૧' નોંધ છે. આ નોંધ સુરેશ જોષીના પુસ્તકોનાં અવલોકનો કે આસ્વાદ વિષયક લેખોની સૂચિમાં થઇ છે. વિવેચકનો આ લેખ સુરેશ જોષીના અસ્વાદ સંદર્ભથી શરૂ થાય છે પણ આ લેખમાં યશવંત ત્રિવેદીના પુસ્તક 'કવિતાનો આનંદકોશ'ની સમીક્ષા છે. એ વિવેચકનો સુરેશ જોષીના પુસ્તક પરનો લેખ નથી. વળી બીજી મહત્ત્વની વાત એ છે કે- સુરેશ જોષીનાં પુસ્તકો પરનાં વિવેચકનાં લેખોની આ સૂચિમાં કોઇ નોંધ નથી!

સુરેશ જોષીની પુસ્તિકાની ૧૯૯૬માં પ્રથમ આવૃત્તિ પ્રકાશિત થઇ હતી. દલપતરામની પુસ્તિકાની ૨૦૦૨માં પ્રથમ આવૃત્તિ પ્રકાશિત થઇ હતી. છ વર્ષના સમયગાળા પછી વિવેચકનાં ગૃહીતોમાં નૂતન અભિગમોના સ્વીકારને કારણે આમૂલ પરિવર્તનો આપ્યાં છે. દલપતરામના જીવન-કવનની તપાસ જેમ તત્કાલીન સમયસંદર્ભોને ધ્યાનમાં રાખીને કરી છે તેમ સુરેશ જોષીના જીવન-કવનને પણ, સમસામયિક સમયસંદર્ભે મૂલવ્યાં હોત તો યોગ્ય નિરીક્ષણો મળે એવી સંભાવના નકારી ન શકાય.

૫.૧.૩ દલપતરામ

વિવેચકે દલપતરામનો પરિચય કરાવતી પુસ્તિકા પ્રકાશિત કરી છે. સાહિત્ય અકાદમી; નવી દીલ્હી અને સાહિત્ય પરિષદના ઉપક્રમે 'ભારતીય સાહિત્યના

નિર્માતા' શ્રેણી અંતર્ગત કવિ દલપતરામના જીવન-કવનનો પરિચય આપતી આ પુસ્તિકા છે. આ પુસ્તિકા યુગસંદર્ભ, દલપતરામનું ઘડતર, દલપતરામનું પદ્યસાહિત્ય, દલપતરામનું ગદ્યસાહિત્ય અને સમાપન-આમ પાંચ પ્રકરણમાં વહેંચાયેલી છે. વિવેચકે ઉપયોગમાં લીધેલા સંદર્ભગ્રંથો અને દલપતરામની કેટલીક કાવ્યકૃતિઓની નોંધ છેલ્લા બે વિભાગમાં આવરી લીધી છે.

'યુગસંદર્ભ'નું પ્રથમ પ્રકરણ 'દલપતરામ નવા જૂનાના પુલ', 'સંક્રાંતિકાળ', 'અંગેજોની નવી શિક્ષણ પદ્ધતિ', 'નવા મૂલ્યો, નવી જીવનરીતિ', સંસ્થાઓ અને મંડળીઓ રચવાનો વિચાર' અને 'નવજાગૃતિનો પ્રસાર' એવા કુલ છ પેટા વિભાગોમાં વહેંચાયેલું છે. દરેક વિભાગમાં શીર્ષકને અનુરૂપ ટૂંકી ચર્ચા કરી છે. દલપતરામના સમયની સાંસ્કૃતિક, રાજકીય, ભૌગોલિક, ઐતિહાસિક અને સાહિત્યિક સ્થિતિનો માહિતીલક્ષી ચિતાર આપ્યો છે. ગુજરાતી ભાષાનું વ્યવસ્થિત માળખું ઊભું કરવામાં અને સાહિત્યિક-વૈચારિક આબોહવા ઊભી કરવામાં નવા મહત્ત્વનાં વિચારો, પ્રસ્થાનો તથા કાર્યો કઇ રીતે ઉપયોગી નીવડયા હતાં તે દર્શાવ્યું છે. વિગતદર્શી નિરૂપણ કર્યું છે. પ્રાદેશિક ભાષાઓ અને સંસ્કૃતિના વિકાસમાં ફાળો આપનાર અંગ્રજો વિષે માહિતી, મહત્ત્વની ભાષા અને સાહિત્યલક્ષી સરકાર દ્વારા રચાયેલી સંસ્થાઓ, સ્વદેશીઓએ રચેલી મંડળીઓ, વર્તમાનપત્રો અને સામાયિકો, કોલેજ-યુનિવર્સિટી અને શાળાઓની સ્થાપના વિશે માહિતી, મહત્ત્વની ઐતિહાસિક ઘટનાઓના વગેરે જેવી ઐતિહાસિક વિગતો નોંધી છે. સુધારાલક્ષી વિચારોનું ક્ષેત્ર અને સુધારાની પદ્ધતિ, એના ઉદ્દામ અને વિનીત પક્ષ વિશે માહિતી આપી છે. વિવેચકે નોંધ્યું છે કે

'આ સોસાયટીએ ('ધ નેટિવ સ્કૂલ બુક એન્ડ સ્કૂલ સોસાયટી'-સ્થાપના-૧૮૨૨) જે તે પ્રાદેશિક ભાષાના પ્રશિષ્ટ ભંડારોની સમૃદ્ધિને અવગણીને અને ખાસ તો

કવિતાની સમૃદ્ધિને અવગણીને જયોર્જ જેરવિસ જેવા વૈજ્ઞાનિક પાઠય પુસ્તકોના લેખક સહિત અન્યોએ નવી ગુજરાતીને ઘડવા માંડી'[૧].

---

૧. દલપતરામ પૃ. ૩

આ અનુસાર વિચારતાં ગુજરાતી ભાષાનું સ્વરૂપ પ્રાદેશિક ભાષામાંથી સહજતયા ઘડાયેલું નહીં પણ પ્રયત્નપૂર્વક, વૈજ્ઞાનિક ઢબે, અને પશ્ચિમના મોડેલ મુજબ આયાત કરેલું, અંગ્રેજો તેમજ ગુજરાતીઓની મદદથી ઘડાયેલું છે, એવું તારણ નીકળે છે. નર્મદ અને દલપતરામ વચ્ચે જે તુલના પહેલેથી થતી રહી છે, તેને વિવેચકે દલપતરામને યોગ્ય પરિપ્રેક્ષ્યમાં અને જુદી દૃષ્ટિથી મૂલવી સમભાવભરી તુલનાનું સ્વરૂપ આપ્યું છે.

વિવેચકે મધ્યકાળની પ્રવૃત્તિ, વિગતો અને એના પરિપ્રેક્ષ્યમાં, અર્વાચીન તબક્કાને તુલાનાત્મક ભૂમિકાએ દેર્શાવ્યા નથી. અર્વાચીન પરિપ્રેક્ષ્ય માહિતીલક્ષી અને ટૂંકો છે. ઘટના અને બનાવોની વિગતો દર્શાવ્યા પછી એની અસરોને ટૂંકમાં રજૂ કરી છે. અછડતા ઉલ્લેખ દ્વારા પણ અર્વાચીન સમયની એક સુવ્યવસ્થિત નોંધ મળે છે.

બીજા પ્રકરણમાં દલપતરામના જન્મથી શરૂ કરીને મૃત્યુ સુધીની વિગતો આપી છે. દલપતરામના જીવનમાં બનેલી મહત્ત્વની ઘટનાઓ અને મહત્ત્વના વ્યકિતઓ વિશે ઉચિત નોંધ કરી છે. દલપતરામના જીવનવૃત્તાંત ઉપરાંત એમની સાહિત્યિક છબિ પણ ઉપસાવી છે. કવિની સાહિત્યભાવના, સાહિત્યસૂઝ અને નિષ્ઠા એમનાં જીવનકાર્યોમાં દેખાઇ આવે છે. વિવેચકે દલપતરામને ઉચિત રીતે જ મધ્યકાળ અને અર્વાચીનકાળના સેતુરૂપ ગણ્યા છે. દલપતરામની કાવ્યશૈલીનું મધ્યકાળ સાથે, વ્રજભાષાની પરંપરા સાથે અનુસંધાન અને અર્વાચીન શૈલીના પ્રારંભિક લક્ષણો સાથે અનુસંધાન જોયું છે. દલપતરામ અને નર્મદને એક બીજાના પૂરક તરીકે ઓળખાવ્યા છે અને બંને વચ્ચેની હોડને બદલે મૈત્રી અને પૂરકત્વનો ભાવ વિશેષ યોગ્ય ગણાય એમ વિવેચકે જણાવ્યું છે.

વિવેચકનો અભિગમ સાંસ્કૃતિક છે. કવિનો સાહિત્યિક પરિચય અને જીવન વૃત્તાંતનું આલેખન રૈખિક ગતિએ રજૂ કર્યું છે. અંગ્રેજ સજ્જનોના સાથ અને સહકારથી ગુજરાતી ભાષાનું જે કાર્ય આરંભના તબક્કે થયું છે એને એના યોગ્ય પરિપ્રેક્ષ્યમાં મૂલવ્યું છે. ઘટનાઓનું નિરૂપણ તટસ્થ રીતે કર્યું છે. કોઇ ઘટના,

એમાં કવિનો કે અન્યનો ફાળો, એમાં કવિની જવાબદારી, કાર્ય અને એનાં પરિણામો : આ પદ્ધતિએ ઘટનાઓ નિરૂપાઇ છે. સાથે સાથે તત્કાલીન પરિસ્થિતિનો ચિતાર પણ મળે છે. કવિના જીવન આલેખ સાથે ગુજરાતી ભાષાની બદલાતી તાસીરનો આલેખ પણ નિરૂપ્યો છે. સાથે સાથે એ પરિવર્તન માટે જવાબદાર કેટલાંક સાહિત્યિક કારણોની વિગતો પણ નોંધી છે. કવિનું વ્યકિતગત જીવન, સ્વભાવ અને કૌટુંબિક જીવન કેટલાક નિર્દેશોમાં, કેટલીક ઘટનાઓમાં વ્યકત થાય છે. વિવેચકનો ઉદ્દેશ જીવનની દરેક ઘટનાને નિરૂપવાનો નથી જ, વિવેચકનો ઉદ્દેશ દલપતરામના જીવન અને કાવ્યસમજના ઘડતરને નિરૂપવાનો છે.

વિવેચકે સાહિત્યિક નિસ્બતથી કાર્ય કર્યું છે. ઉચિત પદ્ધતિ અને ભાષાનો પ્રયોગ કર્યો છે. મોટેભાગે વર્ણનાત્મક અને મૂલ્યાંકનપરક ભાષા પ્રયોજી છે. વિવેચકે ગુજરાતી ભાષાના ઘડતરમાં દલપતરામના પ્રદાનની ઉચિત રીતે નોંધ લેતા લખ્યું છે કે –

'કહેવાયું છે કે ૧૯મી સદીમાં નવું શિક્ષણ આવ્યું , એમાં મહત્ત્વનો ભાગ વાચનમાળાએ ભજવ્યો, પણ વાચનમાળામાં મહત્ત્વનો ભાગ દલપતરામના કાવ્યોએ ભજવ્યો છે. વાચનમાળામાં થતા શબ્દપ્રયોગ, વાકયવિન્યાસ, જોડણી વગેરેની બાબતમાં પણ દલપતરામનું યોગદાન મહત્ત્વનું રહ્યું છે'[૧].

નીતિ અને આચારશુદ્ધિના આગ્રહી દલપતરામ 'સરસ્વતીચંદ્ર' અને 'કુસુમમાળા' સ્વીકારી નથી શકતા , એવા કાશીશંકર મૂળશંકર દવેના પ્રસંગને ટાંકીને વિવેચકે નોંધ્યું છે કે- 'આથમતો યુગ ઉગતા યુગના ઘણા સંકેતો ચૂકી જાય છે. એની અહીં દઢ પ્રતીતિ થાય છે'[૨]. આવા વિધાનો વિવેચકને વસ્તુલક્ષિતાની સાહેદી આપે છે.

ત્રીજા પ્રકરણમાં દલપતરામના પદ્યસાહિત્યની ચર્ચા કરતી વખતે દલપતરામના

---

૧. દલપતરામ પૃ. ૧૫
૨. એજન પૃ. ૧૮

સમય-સંજોગો, સર્જકના આગ્રહો-અભિગ્રહો, અન્ય પરિસ્થિતિ, વ્યકિતઓ-ઘટનાઓ કે પરિબળોનો પ્રભાવ, સર્જકની કોઇક એકાદ ક્ષેત્ર કે કળા પરની નિપુણતા, સર્જનાત્મક પ્રવાહમાં કવિનું સ્થાન અને પ્રદાન, કવિનો ઉદ્દેશ, કવિની સ્વરૂપસિદ્ધિઓ, વ્યકિતમત્તાનો કે આદર્શોનો સર્જન પર પડતો પ્રભાવ સર્જકબળ અને રીતિ જેવા સર્જકલક્ષી મુદ્દા ધ્યાનમાં લીધા છે.

વિવેચકનો અભિગમ સર્જકલક્ષી,ઐતિહાસિક અને તુલનાત્મક છે. આંતરકૃતિત્વ અને પારકૃતિત્વના સંકેતો નોધ્યા છે. એલિયટના 'વસ્તુલક્ષી સહસંબંધક' અને બ્રેખ્તિનો 'વિચ્છેદનો સિદ્ધાંત' દલપતરામના કાવ્ય સાથે સાંકળ્યો છે. આધુનિકતાવાદી અને અનુઆધુનિકતાવાદી સાહિત્ય વિભાવનાથી દલપતરામની કવિતાને તપાસવાની અભિનવ દષ્ટિ વિવેચકે અપનાવી છે. દલપતરામની મજલ નર્મદની તુલનાએ પ્રથમકૃતિથી અંતિમકૃતિ સુધી એકધારી રહી છે. આથી દલપતરામને નર્મદના બદલે અર્વાચીનોમાં આદ્ય ગણવા માટે વિવેચકે ઉચિત તર્ક આપ્યા છે. વિવેચક કહે છે કે ગુજરાતી સાહિત્યનું પ્રથમ કાવ્ય દલપતરામ પાસેથી મળ્યું છે 'બાપાની પીંપર'. આ કાવ્યનું અનુસંધાન ભાષા અને છંદની દષ્ટિએ મધ્યકાળ સાથે છે. પણ એનો વિષય તદ્દન નવો છે. આ કાવ્યમાં ખંડકાવ્યનાં બીજ વિવેચકે જોયાં છે.

દલપતરામ મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય અને વ્રજભાષાની પરંપરા આત્મસાત કર્યા પછી પોતીકી રીતે આપસૂઝથી આગળ વધે છે. કવિએ અંગ્રેજી કેળવણી લીધી ન હતી. વાતારવરણમાંથી બધું અંકે કરીને પરંપરા અને નવી આબોહવાનો સમન્વય કરી 'ધીરેધીરે સુધારાનો સાર' આપે છે. આમ, કવિ મધ્યકાળનાં લક્ષણો અને અર્વાચીનનો ઉદય બંને સાથે અનુસંધાન અને સમતોલન સાધે છે. માત્ર સંવેદના કે લાગણી (જોસ્સા)ને સ્થાને વિચારબોધ અને કસબને મહત્ત્વ આપે છે. એમની કવિતા એ રીતે ઘડાયેલી છે. મધ્યકાલીન દેશીઓ ,ઢાળો સાથે સંસ્કૃતવૃત્તને નવીન વિષયસામગ્રી માટે ગુજરાતી ભાષામાં પ્રથમવાર સફળ રીતે પ્રયોજયાં છે. લોકશિક્ષણ, બોધ, કેળવણી, મૂલ્ય, સુધારો કવિનો ઉદ્દેશ છે. તેથી લોકોને સહજ સ્વીકાર્ય બને એવી ભાષા, રીતિ, ઉદાહરણો, રંજનકારી

પ્રાસયોજના, છંદ-ઢાળ વગેરેને અપનાવ્યાં છે. કાવ્યના ઉદ્દેશની રીતે પણ મધ્યકાળ સાથે અનુસંધાન જાળવે છે. સંસ્કૃતવૃત્તોને અનુકૂળ પડે તેવી ગુજરાતી ભાષા ઘડવામાં પ્રારંભિક તબક્કે મહત્ત્વનો ભાગ ભજવ્યો છે.

આ દલીલો અને તર્ક દ્વારા વિવેચકે દલપતરામને જૂના-નવાના સેતુરૂપ દર્શાવ્યા છે. વિવેચકની રજૂઆત તર્કબદ્ધ, સાધાર છે. દલપતરામે ગુજરાતી ભાષાના ઘડતરમાં અને પિંગળક્ષેત્રે જે પ્રદાન કર્યું છે એને ઉચિત રીતે મૂલવ્યું છે. દલપતરામનાં કેટલાંક કાવ્યવિષયોને સ્પેનિશ કવિ પાબ્લો નેરુદાના વિષયો સાથે સરખાવ્યા છે. દલપતરામની કથનશકિત, નાટ્યાત્મકતા, રજૂઆત અને કવિ પ્રતિભાને યોગ્ય રીતે મૂલવી છે. દલપતરામની કેટલીક મર્યાદાઓમાં કસબનો ભાર, સ્થૂળ રહેતી ઉપમાઓ, બોધ, હકીકતલક્ષી વિગતો, સપાટ રજૂઆત, બાલિશતરંગો, વસ્તુલક્ષિતા, શુષ્કતા, અતિવિસ્તાર, પ્રાસંગિકતા, અભિધાત્મકતા અને સાયાસ-કૃતક પ્રાસયોજનાને ગણાવી છે. દલપતરામના સમયસંદર્ભને માત્ર નિર્જીવ પાર્શ્વભૂ તરીકે નહીં પણ સક્રિય પરિણામકારી તત્ત્વ તરીકે દર્શાવ્યો છે.

'દલપતરામનું ઉચિત મૂલ્યાંકન થઇ શકયું નથી' એવો સૂર વિવેચકના તારણોમાંથી નીકળે છે. સમસામયિક, પરંપરાનુગામી અને ધીર-નવપ્રસ્થાનકાર એવી ત્રેવડી ભૂમિકા ભજવનાર દલપતરામની વિનીત વિચારસરણીને કારણે પણ 'ગરબી ભટ્ટ' કે 'ફરમાસુ કવિ' તરીકે વખોડવામાં એમનું યોગ્ય પરિપ્રેક્ષ્યમાં મૂલ્યાંકન થયું નથી. કવિ તરીકે પરંપરાને જાળવનાર, વર્તમાનને સ્વીકારનાર અને આવનારને અપનાવનાર કવિ ચેતનાને ઓળખી કવિની સર્જનાત્મક પ્રતિભાને સ્થાપી વિવેચકે કવિનું ઉચિત સન્માન કર્યું છે.

પ્રકરણ ચારમાં દલપતરામના ગદ્ય સંદર્ભે ચર્ચા કરી છે. દલપતરામ સારા ગદ્યકાર નથી, એવા વિવિધ મંતવ્યો સામે વિવેચક દલપતરામને એમના યોગ્ય પરિપ્રેક્ષ્યમાં મૂલવે છે.

વિવેચકે નોંધ્યું છે કે –

'ભૂલવું ન જોઇએ કે જયારે કોઇ શબ્દકોશ નહોતો, જોડણી અંગેના કોઇ ચોકકસ નિયમો નહોતા, ગુજરાતી ભાષાનું પોતાનું કોઇ લખાયેલું વ્યાકરણ નહોતું, ગુજરાતી ભાષા અને સાહિત્યનું કોઇ શિક્ષણ ઉપલબ્ધ નહોતું, કહોને કે ભાષાનું કોઇ ઠેકાણું નહોતું, ગામઠી શાળાઓમાં ન-જેવું અક્ષરજ્ઞાન એ સિવાય કોઇ સાધન નહોતું, મુદ્રણાલયો હજી આવ્યાં નહોતાં, ચારે બાજુ કંઠસ્થ પદ્યની કે હસ્તલિખિત પ્રતની બોલબાલા હતી, અંગ્રેજી ભાષાનો હજી જરાયે પ્રચાર નહોતો...આવા સમયે દલપતરામે ગુજરાતી ભાષામાં પહેલો સ્વતંત્ર 'ભૂત નિબંધ' આપ્યો.'[૧]

ગુજરાતી ભાષાના તદ્દન પ્રાથમિક તબક્કે દલપતરામે લખેલા ગદ્યને એના સમયસંદર્ભે મૂલવતાં વિવેચકે લખ્યું છે કે -

'...દલપતરામનું શરૂમાં ગદ્ય લખ્યા પછી મુખ્ય વાહન પદ્ય રહ્યું છે , પણ તેથી જ તો અંગ્રેજી ભાષાના પ્રસાર પહેલાંનું ગુજરાતીનું વિશિષ્ટ કલેવર દલપતરામના સાહિત્યમાં હાજર છે.'[૨] અંગ્રેજી ભાષા સાથે ભળીને ગુજરાતી ભાષાના જે મિશ્રિત નમૂનાઓ પછીથી મળ્યા તે પહેલાના અમિશ્રિત ગુજરાતી ભાષાના સ્વરૂપને દલપતરામના ગદ્યમાં જોઇ શકાય છે. આ નોંધ દ્વારા વિવેચક દલપતરામના ગદ્યને એના સમયસંદર્ભ સાથે સાંકળી, ઉચિત પરિપ્રેક્ષ્યમાં મૂલવે છે અને એ ગદ્યનું ઐતિહાસિક મહત્ત્વ સ્થાપે છે.

દલપતરામના ગદ્ય વિશેની ભ્રાંત સમજણ દૂર કરવા એમના બે ગદ્યખંડો આપી એનું આધુનિક પદ્ધતિએ વિશ્લેષણ કર્યું છે. દલપતરામ અને નર્મદના ગદ્યની વિશેષતાઓ દર્શાવી છે. યોગ્ય તુલના કરી દલપતરામને પણ નર્મદ જેટલું જ મહત્ત્વ ગદ્યસંદર્ભે મળવું જોઇએ એવી તર્કબદ્ધ રજૂઆત કરી છે. દલપતરામનું ગદ્ય પણ પદ્યની જેમ ઘણુંખરું નિમિત્તોને કારણે રચાયું છે. 'બુદ્ધિપ્રકાશ'નાં લેખો

---

૧. દલપતરામ પૃ.૫૩-૫૪
૨. એજન પૃ.૫૩-૫૪

વિશે વિગતલક્ષી નોંધ કરી છે અને તેનું મૂલ્ય તો એ લેખો પ્રકાશિત થશે કે વ્યવસ્થિત સંપાદિત થશે ત્યારે જ આંકી શકાશે, એમ દર્શાવ્યું છે. વિવેચકે સંપાદક દષ્ટિથી લખાયેલા તંત્રીલેખોના સંદર્ભે દલપતરામની સિદ્ધિઓને અને કાર્યને ચર્ચવાનો ઉદ્દેશ રાખ્યો હોય તો માત્ર વિગતવર્ણનને બદલે નોંધપાત્ર મૂલ્યાંકનો આપી શકાયાં હોત.

વિવેચકે દલપતરામના ગદ્યને ઇતિહાસસંદર્ભે મહત્ત્વનું લેખ્યું છે. દલપતરામની સાહિત્યિક-પ્રવૃત્તિઓને તત્કાલીન સમાજની પીઠિકાના સંદર્ભમાં સર્જકના ઉદ્દેશ, એની ઘડાયેલી રીતિ, ચિતિ, સમાજની ભૂમિકા, ગુજરાતી ભાષા અને સાહિત્ય સ્વરૂપોની તત્કાલીન સ્થિતિના અનુસંધાનમાં તપાસી છે. અન્ય સમકાલીન સર્જકો સાથે તુલના દ્વારા પણ મૂલવી છે. વિવેચકનો અભિગમ સર્જકલક્ષી, ઐતિહાસિક, કૃતિવિશ્લેષણનો છે.

અંતિમ પ્રકરણ સમાપનમાં દલપતરામની સિદ્ધિઓને મૂલવી છે. વિવેચકના મતે દલપતરામની સિદ્ધિઓ પરંપરા, નવીનતા અને વર્તમાન સાથે અનુસંધાન તથા જોડાણ કેળવવામાં હતી. એમનો કસબ, કૌશલ, ભાષાની ગતિ, એના અંકુશો અને ભારતીય શૈલીની રચનાઓ એમની વિશેષતા છે. આધારવાદ કે સ્ત્રોતવાદની ખોજમાં દલપતરામની ગણ સિદ્ધિ કરતાં માત્રા સિદ્ધિ ગુજરાતી ભાષાને વધુ ઉપયોગી નીવડશે.

દલપતરામનો સર્વાંગી પરિચય આપતી આ પુસ્તિકામાં વિવેચકે સામગ્રીનું સંકલન, સંપાદન, તુલનાભાવે વાચન, કૃતિલક્ષી વિશ્લેષણ અને મૂલ્યાંકન કર્યું છે. વિવેચકે દલપતરામની સર્જકતાના વિવિધ ઉન્મેષો દર્શાવવા માટે સમસામયિક પરિપ્રેક્ષ્યને લક્ષમાં લીધો છે. વિવેચકની અભ્યાસદષ્ટિ અનેક કૃતિઓ અને કાવ્યશાસ્ત્રથી ઘડાયેલી છે ત્યારે તે સુધારકયુગના કવિની સર્જકતાનું વાચન કરવા માટે જે સ્થાન ગ્રહણ કરે છે તેમાં દલપતરામની કવિતાની સર્જકતા વિશેષ પ્રગટ થાય તેવી સમસંવેદનશીલતા કેન્દ્રમાં રહી છે. આ સમસંવેદન શીલતા કાવ્યસંદર્ભનાં અનેક વલણો સાથે રાસાયણિક રીતે સમરસ બનીને

નિર્ણાયક બની છે. આ તપાસમાં આધુનિકતા અને અનુઆધુનિકતા બંને વલણો સંતુલિત રીતે કાર્યક્ષમ રહયાં છે. કવિ તરફનું વિવેચકનું સહૃદયત્વ વિશેષ છે.

આ પુસ્તિકામાં ચર્ચા દરમ્યાન વિવેચકે સંશોધનનાં બે ક્ષેત્રો વિશે અછડતો ઉલ્લેખ કર્યો છે. પહેલું ક્ષેત્ર છે 'બુદ્ધિપ્રકાશ'નાં અંકોની સામગ્રીનું. બીજું ક્ષેત્ર છે, મધ્યકાળથી બદલાયેલી દયારામથી જુદી પડતી અર્વાચીન ગુજરાતી ભાષાનું. વિવેચકે ભાષા બદલાઈ, નવી આવી વૈજ્ઞાનિક ઢબે ઘડવામાં આવી- જેવી નોંધ કરી છે, પણ ગુજરાતી ભાષામાં થયેલાં પરિવર્તનો ભાષાવિજ્ઞાનની દષ્ટિએ તુલનાભાવે નોંધ્યાં નથી. કાવ્યસંદર્ભે પરિવર્તન પામેલા વિષયો, હેતુઓ, સ્વરૂપો અને છંદના ઘટકોની નોંધ લીધી છે.

પોતાના સમયમાં લોકપ્રિય બનેલા અને પછીના જ સમયથી ઉપેક્ષિત રહેલા દલપતરામની આજીવન સાતત્યપૂર્વક ચાલેલી સાહિત્યપ્રવૃત્તિ અને સમભાવી, કર્મશીલ વ્યકિતમત્તાની એક સુરેખ છબી આ પુસ્તિકામાંથી મળે છે.

વિવેચકે વિવિધ સર્જકોને અનુલક્ષીને આ પ્રકરણમાં વિવેચન રજૂ કર્યું છે. સર્જકોને મોટેભાગે એમના યોગ્ય પરિપ્રેક્ષ્યમાં મૂલવ્યા છે. એમના જીવન-કવનનો પરિચય આપ્યો છે. વિવેચકે સર્જકની કૃતિઓના પ્રત્યક્ષ વાચન દ્વારા પોતાનાં મૌલિક નિરીક્ષણો રજૂ કર્યાં છે. અન્ય દ્વૈતીયિક સામગ્રી પર અવલંબિત રહ્યા નથી, એ એમની ચર્ચાનું આવકાર્ય વલણ છે. જે વિવેચકની નિષ્ઠા અને અભ્યાસવૃત્તિનો પરિચય કરાવે છે. તમામ અવલોકનોમાં વિવેચકનાં પદ્ધતિ, ભૂમિકા, અભિગમો એક સમાન રહ્યાં નથી તેથી કયાંક ટૂંકી નોંધો તો કયાંક વિસ્તૃત વિશ્લેષણોની પ્રયોજાઈ છે.

વિવેચકે સર્જકલક્ષી વિવેચનોમાં સર્જક કાર્યને અમનાં જીવન, ઘડતર, જેવાં અન્ય સર્જક સંદર્ભો અને કૃતિ, કૃતિગતવિશ્વ, કાવ્યરીતિ જેવાં કૃતિગત સંદર્ભોના પરિપ્રેક્ષ્યમાં પ્રમાણ્યું છે. સર્જકના વ્યકિતગત અંશોના આધારે સર્જકઅંશોની માવજત, પ્રવહન અને સિદ્ધિની નોંધ કરી છે. સર્જકલક્ષી તમામ સામગ્રી વિશે

પોતાનો અવાજ ઓછામાં ઓછો સંડોવીને પરસ્પરના અનુબંધનમાં ચકાસી છે. વિવેચકે દરેક સર્જકની તપાસ માટે અપનાવેલી ભૂમિકામાં વૈવિધ્ય છે. દલપતરામ (સ્વતંત્રપુસ્તિકા)ની ચર્ચા સુરેશ જોષી (સ્વતંત્ર પુસ્તિકા)થી જુદી ભૂમિકા એ કરી છે.

વિવેચકે 'દલપતરામ' માં સર્જકની બધી જ વિગતોને ચકાસી, પ્રમાણી પ્રત્યક્ષ અનુભવના અર્કરૂપે મૂલ્યાંકનો નોંધ્યાં છે, 'સુરેશ જોષી' માં સર્જકની કૃતિઓના પ્રત્યક્ષ અનુભવમાં મૂકાઇને 'નિબંધ' અને 'ટૂંકીવાર્તા'ની તપાસ કરી મૌલિક નિરીક્ષણો આપ્યાં છે. 'કાવ્ય', 'લઘુનવલ' અને 'વિવેચન' પ્રકરણોમાંનો કેટલોક ભાગ વિવેચકની પૂર્વપ્રકાશિત સામગ્રી છે. તેથી એમાં વિવેચકનો અભિગમ કૃતિલક્ષી વધારે છે. તો 'સંપાદન અને અનુવાદ' વિશે સાવ ઉભડક, યાદી સ્વરૂપની નોંધો છે. વિવેચકની બંને સર્જકની તપાસની ભૂમિકા જુદી જુદી રહે છે. નાનાલાલ, રાજેન્દ્ર શાહ, જયંત પાઠક અને સુરેશ જોષી વિશે એક એક લેખમાં આવરી લીધેલી ચર્ચામાં પણ વિવેચકના પદ્ધતિ અને ભૂમિકા જુદાં જુદાં છે.

સુરેશ જોષી સિવાય ત્રણે કવિઓની ચર્ચા એમનાં જીવન, કવન, કાવ્યવિભાવના જેવાં પાસાંની એકમેકના સંબંધમાં કરી છે. સુરેશ જોષીની ચર્ચામાં વિવેચકની ભૂમિકા અનુઆધુનિકતાવાદના તબક્કે લેખકની સિદ્ધાંતોની પ્રસ્તુતતા દર્શાવવાની છે. તેથી આપમેળે પદ્ધતિ, આયોજન અને વિષયની પ્રસ્તુતિ બદલાય છે. વિવેચકનું દૃષ્ટિબિંદુ અને સ્થાન એમનાં ભૂમિકા, પદ્ધતિ અને વસ્તુ નિરૂપણને પ્રભાવિત કરે છે. નાનાલાલ, રાજેન્દ્ર શાહ અને જયંત પાઠક વિશે વિવેચકે કૃતિલક્ષી અભિગમથી પ્રત્યક્ષ વિવેચનમાં તારવેલાં નિરીક્ષણો કરતાં અહીં સાવ જુદાં તારણો આપ્યાં છે.

જેમકે – વિવેચકે રાજેન્દ્ર શાહ વિશે નોંધ્યું છે કે –

- સંસ્કૃત મેદવાળો, કૃત્રિમ અને કૃતક. એકવિધ કવિતાનો અને રેડીમેડ પદાવલિનો એમનો પડઘાયા કરતો અવાજ ખાતરી કરાવે છે : **If the voice is load, the poem is dead.** (આર્કિબાલ્ડ મેકલિશ)... 'એક વખતના કવિની સજીવ સ્ટાઈલ આ સંગ્રહમા નીરસ મેનરિઝમ બની છે.'[૧]

- 'સ્વરવ્યંજનની સંવાદિતા, ચિંતનભોગ્ય કલ્પનોની ગંભીર શ્રેણીઓ, છંદનું જીવંત કલેવર અને સંવેદનશીલ અધ્યાત્મનો થોડોક મુખર આવિષ્કાર—આ એમની રચનાની વિશેષ ઓળખ છે, અને એ ઓળખ અહીં પણ હાજર છે'[૨]

-દૃશ્યચિંતન **(Visual thinking)**ની સામે અહીં કંઈક અંશે અમૂર્ત ચિંતન **(Abstract thinking)** છે. આજે દૃશ્યચિંતનમાં ગ્રસ્ત કરતા ટી. વી. વીડીયોનાં દૃશ્ય માધ્યમો વચ્ચે ભાષાની કલારૂપે આવું વિશિષ્ટ અમૂર્તચિંતન જ સાહિત્યને સ્થાપિત કરી શકે ને?[3]

-' જન હોય કે વન હોય – સર્વને રાજેન્દ્ર આનંદ માટે પ્રયોજે છે અને પોતાને આનંદ આપતાં આપતાં અન્યોને પણ આનંદિત કરે છે, કારણ કે એમની દઢ પ્રતીતિ છે કે આ જગતમાં બધું અભિવ્યકત થવા ઈચ્છે છે અને કવિ પણ અભિવ્યકત થવા ઈચ્છે છે. પણ કવિ કેવળ પોતાને જ અભિવ્યકત નથી કરતો, એ કેવળ નિજનિષ્ઠ નથી રહેતો, એની દ્વારા તો નિખિલ અભિવ્યકિતને પામે છે.'[૪]

એક જ કવિ રાજેન્દ્ર શાહ વિશે જુદાજુદા લેખોમાં વિવેચકે જુદાં જુદાં અવલોકનો આપ્યાં છે. આ પાછળનાં વિવેચકનાં ભૂમિકા, દૃષ્ટિ અને ઓજારો બદલાયેલાં છે. વિવેચકની ભૂમિકા અને ઓજારો બદલાતાં વિવચેકનો પ્રત્યક્ષ પણ બદલાઈ જાય છે.

---

૧. અપરિચિત અ અપરિચિત બ પૃ. ૯
૨. બહુસંવાદ પૃ. ૧૬૭
૩. એજન પૃ. ૧૬૮
૪. સહવર્તી/પરિવર્તી પૃ. ૧૦૭

૫.૧.૪ સર્જકલક્ષી વિવેચન (ભારતીય)

કબીર, સૂરદાસ અને તુલસીદાસ આ ત્રણ સર્જકોને ધ્યાનમાં રાખીને એમની કૃતિઓની ચર્ચા મધ્યમાલા પુસ્તકમાં કરી છે. ચર્ચાનો ઉદ્દેશ સર્જકની પ્રતિભા અને વિશિષ્ટતાને ઉજાગર કરવાનો હોઇ આ ત્રણ લેખોને સર્જકલક્ષી વિવેચનમાં સમાવ્યાં છે.

કબીર વિશે ચર્ચા કરતાં કબીરની સર્જક પ્રતિભા વર્ણવી છે. સાખી અને હાઇકુનો ભેદ દર્શાવતા વિવેચકે નોંધ્યું છે કે

'સાખીનું બળ એ જે કહે છે તેને કારણે હોય છે, હાઇકુનું બળ એ જે કહેવાનું માંડી વાળે છે તેને કારણે ઊભું થાય છે. સાખી મૂળકથન અને સચોટતાને તાકે છે.' 'સાખીઓ લોકભાષાને છેડે પહોંચેલી કવિતા છે'[1]- કબીરની સાખીઓમાં કથનના વૈવિધ્યને વિવેચકે તપાસ્યું છે. જેમ કે સીધું કથન, અન્યોક્તિ, રૂપક દ્વારા કથન, જેને સરખાવવી હોય તે એટલે કે ઉપમેયને અધ્યાહર રાખવું, સીધી ઉપમા, દ્દષ્ટાંત, ઉદાહરણ કે અર્થાન્તરન્યાસ; જેવી વિવિધ કથનભંગી દ્વારા કબીર અપરિચિત સાદૃશ્ય દ્વારા વસ્તુ સિદ્ધ કરે છે. કબીરની અભિવ્યક્તિની પદ્ધતિઓ દર્શાવી કવિ અને સંત બંને સ્વરૂપે કબીરની ઉચ્ચતાને સ્વીકારી છે.

સૂરદાસના પદ 'નિશ દિન બરસત નૈન હમારે'નો આસ્વાદ રજૂ કરી, એના સંવેદનને રજૂ કરી કવિની પ્રતિભાનો પરિચય કરાવ્યો છે. કૃષ્ણ પ્રત્યેના રાધાના ઉત્કટ પ્રેમની અભિવ્યક્તિરૂપ આ પદની શબ્દગત, સંવેદનગત અને અર્થગત વિશિષ્ટતાઓ દર્શાવી છે. સર્જક વિશેની ટૂંકી માહિતી સાથે આ પદની ચર્ચા કરી છે.

કવિ તુલસીદાસના જીવનની ઘટના વર્ણવી તુલસીદાસના 'શ્રીરામચરિત માનસ'ના બાલકાણ્ડની કેટલીક પંક્તિઓ અને કેટલાંક પ્રસંગોના આધારે કવિની સર્ગશક્તિને પ્રમાણી છે. કવિની પ્રતિભાને ઉદાહરણ સાથે ચર્ચી છે.

---
૧. મધ્યમાલા પૃ. ૨૪

ચર્ચામાં વિવેચકનો ઉદ્દેશ સર્જકનો જીવનલક્ષી અને કૃતિલક્ષી પરિચય કરાવવાનો છે. વિવેચકે ભારતીય ભાષાના પ્રસિદ્ધ કવિઓ અને પ્રસિદ્ધ રચનાઓ દ્વારા સર્જકની વિશેષતા, સર્જકતા અને સિદ્ધિઓને પ્રમાણી છે, દર્શાવી છે. વિવેચકની ભાષા વર્ણનાત્મક, મૂલ્યાંકનપરક છે.

૫.૧.૫ સર્જકલક્ષી વિવેચન (વિદેશી)

વિવેચકે 'અપરિચિત अ અપરિચિત ब' પુસ્તકમાં સર્જકલક્ષી વિભાગ હેઠળ દસ લેખો આવરી લીધા છે. પહેલા લેખમાં ચાર જર્મન કવિઓ[૧] વિશે ટૂંકી માહિતી આપી એમના એક-એક કાવ્યનો અનુવાદ આપ્યો છે. કવિની વિશિષ્ટતા દર્શાવી કૃતિના વિષય અને સંવેદનને નિર્દેશ કર્યો છે. વિદેશી સર્જકોના પરિચયમાં વિવેચકે પસંદ કરેલા કવિની કાવ્યભાવના, કાવ્યસૃષ્ટિ અને કાવ્યોના ઉદાહરણો વડે સર્જકપ્રતિભાના ઉન્મેષો તારવ્યાં છે. ફ્રેડરિક હોલ્ડરલિન, સ્ટીફન જયોર્જ, રેઈનર રિલ્કે અને બેરટોલ્ડ બ્રેકટ આ ચાર કવિ અને એમની કવિતાનો પરિચય આ લેખમાંથી મળે છે.

બોદલેરના[૨] ભાવજગત, સંવેદન, કાવ્યવિષયો, કલ્પનો, કેફિયતો, વર્ણનો, સર્જકતા વિશે ચર્ચા કરી છે. બોદલેરના કાવ્યોમાં નાદમાધુર્ય, કલ્પનસંચાર, બુદ્ધિદ્રવ પ્રતીકપ્રપંચ જેવી વિશેષતાઓ કાવ્યના વિષય એવા વિકૃત માનવીના નર્કના નિરૂપણને પણ નવું પરિણામ અર્પે છે. અન્ય સાહિત્યકારોના અવતરણો દ્વારા સર્જકની પ્રતિભાનો પરિચય કરાવ્યો છે. બોદલેરના સર્જન, પ્રેરણા અને પ્રક્રિયા વિશેના વિચારોને દર્શાવ્યા છે. કૃતિનાં ભાવસંવેદનોને સ્પષ્ટ કર્યાં છે. આ લેખમાં અંગ્રેજી અવતરણો છે. એનાં અનુવાદ મૂકી શકાયાં હોત. વિવેચકનો અભિગમ સર્જકલક્ષી અને તુલનાત્મક છે. કૃતિનું વિશ્લેષણ ન કરતાં એના ભાવસંદર્ભે ચર્ચા કરી છે.

સ્પેનના કવિ લોર્કા[૩]નો સાહિત્યિક પરિચય આપતાં કવિનાં સંવેદનક્ષેત્રો, કૃતિઓનાં વિષયો, સંવેદન, કૃતિઓની વિશિષ્ટતા, કોઈ ઘટનાનું વર્ણન, કવિની કેફિયત અને અન્યના અભિપ્રાયો તથા અવતરણો અહીં પ્રસ્તુત કર્યાં છે. કવિની

૧. અપરિચિત અ અપરિચિત બ પૃ.૧
૨. એજન પૃ. ૫
૩. એજન પૃ. ૧૦

કેટલીક કૃતિઓની ચર્ચા કરવા માટે કૃતિઓના અનુવાદ આપ્યા છે. લોર્કાના કાવ્યોમાં આદિમ ઊર્મિલય, પ્રતિરૂપો, રંગો, સ્વપ્નવત્ સેન્દ્રિય વાસ્તવ, લોકસંવેદન, તાદશીકરણ, સ્મૃતિબિંબો, ચિત્તસંસ્કારો, વૃત્તિઆવેગો, નાટ્યાત્મકતા દ્વારા સિદ્ધ થતી સર્જકતાને સાધાર વર્ણવી છે. વિવેચકે નોંધ્યું છે કે વિવિધ રોજિંદી પ્રાચીન, જડત્વભરી સામગ્રીને લોર્કા પોતાના અભિનવ અભિગમથી કલાના સ્વરૂપમાં સ્થિર કરી શકે છે. કવિએ અપનાવેલા ભિન્ન ભિન્ન સાહિત્યસ્વરૂપોની નોંધ એની વિશિષ્ટતા સાથે કરી છે.

વાલેરી[૧]નો પરિચય વિશિષ્ટ શૈલીથી આપ્યો છે. વાલેરી જે જે ઘટના, પરિસ્થિતિ, સ્થિતિ, ચિત્તની અવસ્થાઓમાંથી પસાર થયો હશે, તેનું વર્ણન વિવેચકે જાણે અતિનિકટ મિત્રની જેમ અનુભવ્યું હોય, વાલેરીની સાથે બધે હાજર રહ્યા હોય, તેવી શૈલીથી કર્યું છે. વાલેરીના મનોમંથનો, આગ્રહો, કેફિયતો, પદ્ધતિઓ, સિદ્ધાંતોનો પરિચય આપ્યો છે. વાલેરીની કૃતિ 'લા જયન પાર્ક'ની કૃતિલક્ષી ચર્ચા કરી છે. સર્જકપ્રતિભા અને કવિકર્મની ચર્ચા કરતાં અન્ય વિવેચકોનાં અવતરણો અને તારણો પણ ટાંકયાં છે. વાલેરીની સર્જકપ્રતિભા અને સર્જકચેતનાનો એક વિસ્તૃત આલેખ આપ્યો છે. વિવેચકે મલાર્મે સાથે વાલેરીની અવારનવાર તુલના કરી છે. બે વિશિષ્ટ કવિઓની તુલના કરી વાલેરીને મોટો કવિ સાબિત કરવાનું વલણ યોગ્ય ઠરતું નથી. વળી સંદર્ભગ્રંથોનો કોઈ ઉલ્લેખ નથી.

સ્પેનના કવિ નિકોલાસ ગુલેંનો[૨] સાહિત્યિક પરિચય આપ્યો છે. બદલાતી વિચારધારાઓએ ઉદ્‌ગમ તરફ સાહિત્યને વાળ્યું અને લોર્કા, ગુલેં જેવા કવિઓએ જિપ્સી અને નિગ્રોની સંવેદનાને પોતાના કાવ્યમાં સ્થાન આપ્યું. સાંસ્કૃતિક અને સામાજિક ભૂમિકા આપીને સર્જકનો સંદર્ભ સ્પષ્ટ કરી આપ્યો છે. કવિની સામગ્રી, સંવેદન અને સિદ્ધિઓને કવિતાના સંદર્ભમાં રજૂ કરી આપ્યાં છે. આફ્રિકન શબ્દલયની વૈવિધ્યસભર સૃષ્ટિને કવિ આફ્રિકન લોકવિષય, રીતરિવાજો, કર્મકાંડો, વૃત્તિઓ, આવેગો, લય, લહેકા વગેરે દ્વારા ઉપસાવે છે. ત્રણ કવિતાઓ કે એના ખંડના અનુવાદ આપ્યા છે. કવિનો સાહિત્યિક પરિચય આપવાનો વિવેચકનો ઉદ્દેશ છે.

---

૧. એજન પૃ. ૧૭
૨. એજન પૃ. ૩૨

કવિ ચેઝારે વાલેજોનો[૧] સાહિત્યિક પરિચય, જીવનવૃત્તાંતનો અંશ, સર્જકચેતનાનો પરિચય વિવેચકે આપ્યો છે. કવિનું સંવેદન, કાવ્યવિષયો, સર્જક પરની પ્રભાવક ઘટનાઓ, લેખનશૈલીની નોંધ કરી છે. સામ્યવાદી વિચારસરણીથી પ્રભાવિત આ કવિએ અંગત લાગણીઓ અને સંબંધોથી વિસ્તૃત એવા માનવ પરિસ્થિતિના સંદર્ભોને કાવ્યમાં સ્થાન આપ્યું. વિવેચકે નોંધ્યું છે કે વાલેજોએ કવિતાને ગૌણ થવા દીધી નથી. વાલેજોની તુલના જે ચિત્રકાર અને નવલકથાકાર સાથે કરી છે એ વિદેશી હોવાથી, અજાણ્યા પરિપ્રેક્ષ્યમાં તુલનાનું ક્ષેત્ર હોવાથી અને સર્જક વિશેની જાણકારી સંભવિત ભાવક સમુદાયને યોગ્ય સંદર્ભમાં રજૂ કરાઈ નથી.

સ્પેનિશ કવિ રિકાર્ડો મોલિનારીનો[૨] સાહિત્યિક પરિચય આપતાં કવિના જીવન વિશેની ટૂંકી માહિતી પણ આવરી લીધી છે. મોલિનારી ભરપૂર ખાલીપણું, આકાશ, નદી, આર્જેન્ટિનાની ભૂમિના વિવિધ પાસાં, પ્રકૃતિ, પ્રણય, ઈશ્વરની વ્યાકુળ શોધ જેવા વિષયોને કાવ્યોમાં રૂપાયિત કરે છે. કવિના વર્ણ્ય વિષયો, કવિસંવેદન, કવિચેતના, કવિની વિશિષ્ટતા, પ્રતિભા અને પ્રભાવો વિશે ટૂંકી, સામગ્રીલક્ષી નોંધ કેટલીક કાવ્યપંક્તિઓના અનુવાદ સાથે આપી છે.

મેક્સિકોના કવિ ઓકટોવિયો પાઝ[૩]નો સાહિત્યિક પરિચય, એમનાં કાવ્યસંગ્રહોનાં નામ અને કાવ્યપંક્તિઓના અનુવાદ દ્વારા પરિચય કરાવ્યો છે. સર્જનની ભૂમિકારૂપે કવિની કેફિયતો, કાવ્યતત્ત્વની સમજ, અન્ય કવિઓ સાથે તુલના, તત્કાલીન સમયસંદર્ભ, કવિ તરીકેની પાઝની વિલક્ષણતા, કાવ્યવિષયો, કાવ્યસંવિધાન અને સિદ્ધાંતોની ચર્ચા કરી છે. કાવ્યભાષા, કાવ્યાનુભવ, કાવ્યતત્ત્વ વિશે સૈદ્ધાંતિક વિચારો રજૂ કર્યા છે. ચીલીના કવિ પાબ્લો નેરુદા[૪]નો વિગતે પરિચય આપતાં કવિની કાવ્યવિભાવના, કવિપ્રતિભા, કાવ્યવિષયો, સર્જકસંદર્ભો, પરિબળો અને પરિસ્થિતિઓના આધારે આપ્યો છે. કાવ્યસંગ્રહનું નામ , પ્રકાશનવર્ષ, કવિની સિદ્ધિ, વિશેષતા તથા સર્જનની પશ્ચાદ્ભૂ વિશે

---

૧. એજન પૃ. ૩૬
૨. એજન પૃ. ૪૧
૩. એજન પૃ. ૪૪
૪. એજન પૃ. ૪૯

માહિતી આપી છે. કવિની કવિતાઓ પર સામાજિકતા રાજકારણ, વિશ્વયુદ્ધો અને ભૌતિક વિશ્વનો પ્રભાવ છે. એમનાં કાવ્યોમાં પ્રણય, પ્રકૃતિ, જાતીયતા, મૃત્યુ જેવા વિષયો પુનરાવૃત્ત થયા છે. સર રિયાલિસ્ટ કલ્પનો એમની વિશેષતા છે.

ગ્રીક કવિ કેવેફીનો[૧] પરિચય એમના કાવ્યવિશ્વ, ભાષાવિશ્વ, વિષયો, રચનારીતિ, કાવ્યપ્રપંચ, કાવ્યભાષા, પ્રયુક્તિઓ, અભિવ્યક્તિની તરાહો, સિદ્ધિઓ, સર્જનના પ્રભાવક પરિબળો અને સર્જનબીજની ચર્ચા દ્વારા કરાવ્યો છે. કવિની વિશિષ્ટતામાં ગ્રીક ઇતિહાસના ભૂતકાળનું વર્તમાન સાથે સંધાણ, સજાતીય સંબંધોની સ્મૃતિઓ પર ઊભું થયેલું સંવેદન વિશ્વ અને આત્મલક્ષિતા પરલક્ષિતાને સાંકળીને રચાતા કૃતિગત વિશ્વને વર્ણવ્યાં છે. ગ્રીક ભાષાનો પુરસ્કાર, પુરાણો-ઇતિહાસોનો પ્રયોગ, કાવ્યને અનુરૂપ રચનારીતિ-પ્રપંચ, વિષયો, શબ્દપસંદગી, સઘનતા જેવી કવિની વિશિષ્ટતાઓને વિવેચકે વર્ણવી છે.

વિવેચકે ‘બહુસંવાદ’માં ચાર વિશ્વસાહિત્યના સર્જકોનો માહિતીલક્ષી પરિચય કરાવ્યો છે. વિશ્વભરના પ્રથમ નિબંધકાર તરીકે જાણીતા બનેલા ફ્રેન્ચ નિબંધકાર મોંતેઇન[૨]ના સર્જન વિશે વિવેચકે માહિતી આપી છે. મોંતેઇનના નિબંધની શૈલી, લખાણ પદ્ધતિ, વિષયો, સામગ્રી, સર્જકની માવજત, નિબંધોનું મહત્ત્વ અને વિશેષતાને વિગતે નોંધી છે. સર્જકના સર્જન, સર્જકકર્મ, વિચાર અભિવ્યક્તિ અને સિદ્ધિ વિશે નોંધ કરી છે. મોંતેનના નિબંધો એના વિશેનાં અંગત નિરીક્ષણના આવિષ્કારરૂપ છે. પોતાની જાત સાથેની સતત વાતચીત એ એના નિબંધોની શૈલી છે. એ પોતાની શાસનપીઠ પર બેસીને જે કાંઇ અનુભવતો, તેને નિરૂપ્યું છે. પછીથી એમાં સુધારા વધારા પણ કર્યા છે.

ફ્રેન્ચ કવિ બોદલેરનો[૩] પરિચય આપતાં કવિના ભાવવિશ્વ, વર્ણ્યવિષયો, કવિપ્રતિભા, સર્જકકર્મ, કૃતિગતવિશ્વ, વિષયવસ્તુ, અભિવ્યક્તિ, સ્વરૂપગત-વિષયગત લાક્ષણિકતા, મૌલિકતા, કવિની સિદ્ધિ અને ઘડનાર પરિબળો વિશે

૧. અપરિચિત અ અપરિચિત બ પૃ.૫૮
૨. બહુસંવાદ પૃ. ૨૧૯
૩. એજન પૃ. ૨૨૨

વિગતે ચર્ચા કરી છે. બોદલેર આધુનિકતાવાદના મૂળસ્ત્રોત તરીકે, પ્રતીકવાદી ઝુંબેશના આરંભબિંદુ તરીકે ઓળખાયો. કથનાત્મકતા, અન્વયાન્તર થઈ શકે તેવો વસ્તુસંભાર, સંદિગ્ધતા, સ્વરૂપશિસ્ત, પ્રબળ આત્મલક્ષિતા, નૈતિક-સૌન્દર્યનિષ્ઠ ધોરણોનો નિષેધ જેવાં લક્ષણો બોદલેરની વિશિષ્ટતા છે. વિવેચકે કવિની કેટલીક કાવ્યકૃતિઓનો અનુવાદ કરી એનું કૃતિલક્ષી મૂલ્યાંકન કર્યું છે.

જહોન કીટ્સના[1] સૉનેટ વિશ્વનો પરિચય કરાવી કવિની વિશેષતા, સિદ્ધિ, પ્રયોગશીલતા અને વિલક્ષણતાની નોંધ લીધી છે. સૉનેટની ટૂંકી વિકાસરેખા આપી કીટ્સે સૉનેટમાં કેવા ફેરફારો કર્યા તેની નોંધ કરી છે. કીટ્સની કૃતિઓ, કેફિયતો અને પત્રોના આધારે એમની કાવ્યવિભાવના, સર્જનપ્રક્રિયા, કવિકર્મ અને ભાવવિશ્વનો પરિચય આપ્યો છે. સૉનેટમાં પ્રાસરચનાની ભિન્ન તરેહો અને ખંડકોના પ્રયોગો નોંધ્યા છે. કીટ્સ પ્રકૃતિમાં જવાનું ઇચ્છે છે અને પરિષ્કૃત વિચારોનાં કલ્પનો ઇચ્છે છે. કવિની સૌંદર્યલક્ષિતા, મૃત્યુસભાનતા, વૈશ્વિક અપીલ, પ્રણયભાવના અને આત્મરચનાની મથામણ એમને સર્જન તરફ પ્રેરે છે.

જર્મન કવિ પોલ સેલાનના[2] જીવન અને કવન વિશે માહિતી આપી બંનેને એકબીજાના પરિપ્રેક્ષ્યમાં મૂલવી કવિનો પરિચય આપ્યો છે. સર્જકતા, કવિચેતના, કાવ્યવિષય, રચનારીતિ, કાવ્યપ્રતિભા જેવાં ભિન્નભિન્ન પાસાંઓની નોંધ લીધી છે. કવિએ આધુનિક કટોકટી, મૃત્યુસંવેદન, યુદ્ધવિનાશ, અંધારપટ, મૌન જેવા વિષયો નિરૂપ્યાં છે. વિવેચકે કવિની પાંચ કાવ્યકૃતિઓના અનુવાદ પરિશિષ્ટમાં આપ્યો છે. એ કૃતિઓને ધ્યાનમાં રાખીને કૃતિલક્ષી વિવરણ, વિશ્લેષણ આપ્યું છે.

'સહવર્તી/પરિવર્તી'માં વિવેચકે નિબંધકાર સ્ટીવન્સન[3]ના જીવનની માહિતી આપી એમનાં સર્જકકર્મ, વર્ણ્યવિષયો, સર્જનપ્રક્રિયા, દષ્ટિબિંદુ, કેફિયતો, માન્યતાઓ અને એમના ચાર નિબંધસંગ્રહો વિશે ચર્ચા કરી છે.

---

૧. બહુસંવાદ પૃ. ૨૩૦
૨. એજન પૃ. ૨૩૫
૩. સહવર્તી/પરિવર્તી પૃ. ૨૫૬

સર્જકની કેફિયતો અને કૃતિઓ રજૂ કરી છે. સર્જન વિશેની સર્જકની વિભાવના અને વિચારણાને દર્શાવી છે. સ્ટીવન્સનના ઘડતરમાં પ્રવાસોનો ફાળો મુખ્ય છે. નિબંધ અંગેની આગવી સૂઝ; સંગીતમય, લયપૂર્ણ વાકયપૂર્ણ સંયોજન; પ્રત્યાયનશીલતા; સુંદર અને સુબદ્ધ તરાહ એ સ્ટીવન્સનની વિશિષ્ટતા છે. વિવેચકનો અભિગમ સર્જકના જીવન અને કવનને, વિચાર અને કર્મને સાંકળીને નિરીક્ષણો આપવનો છે.

વિવેચકે ઇ.સ. ૧૯૦૦ના વર્ષમાં મૃત્યુ પામેલા ૧૯મી સદીથી આજ દિન સુધી ફિલસૂફીના ક્ષેત્રે પ્રભાવક વિચારો ધરાવતા ફિલસૂફ નીત્શે[1]નું જીવનચરિત્ર, વૈચારિક જગત, પુસ્તકો કે સર્જન અને વયક્તિમત્તા વિશે વિગતે નોંધ કરી છે. નીત્શેની ફિલસૂફીનાં મહત્ત્વનાં પાસાં, એની પાછળની ભૂમિકા, અન્યનો પ્રભાવ, ભાષા અંગેના એના વિચારો અને સત્તાપુનરાવૃત્તિ, ઈશ્વર, સત્ય, હેતુ, પ્રેરણા, જીવન જેવા વિષયો પરની એની વિચારણાની નોંધ લીધી છે. વિવેચકે આંતરકૃતિત્વ, પ્રેરણા અને પ્રભાવના સિદ્ધાંતોને પણ ઉપયોગમાં લીધા છે. નીત્શે પર સંગીતકાર વાગ્નેર અને ફિલસૂફ શોપનહોઅરનો ઊંડો પ્રભાવ છે. નીત્શે આત્મસ્ફુરણા અને પ્રેરણાનો વિભાવ સ્વીકારે છે.

વિવેચકે નારીવાદી લેખિકા, સાહિત્યકાર અને ચિંતક એવાં લૂસ ઇરિગેરેની[2] વિચારણાઓ અને મુખ્ય ગૃહીતોનો પરિચય આપ્યો છે. એમની સમજ, નારી ઓળખ, નારીચેતનાને પ્રસ્થાપિત કરવાની મથામણ જેવી પ્રવૃત્તિનો ચિતાર આપ્યો છે. નારીવાદી વિચારણાની પછી આવેલી અનુનારીવાદી વિચારણાનાં મહત્ત્વનાં ગૃહીતો પણ દર્શાવ્યાં છે. લૂસ ઇરિગેરેની વિચારણામાં નારી ઓળખને વ્યાખ્યાયિત કરવાની મથામણ છે. સ્ત્રી અને પુરુષ વચ્ચેની ભિન્નતા ઊભી કરતી સામાજિક અને સાંસ્કૃતિક વ્યવસ્થાના આધારને તેઓ પડકારે છે. નારી વિશેના ખામીયુક્ત વિચાર, એની બાદબાકી જેવા પરાપૂર્વથી ચાલી આવેલા વિચારો સામે પોતાની વિચારણા રજૂ કરી છે.

---

૧. સહવર્તી/પરિવર્તી પૃ. ૨૬૧
૨. એજન પૃ. ૨૭૨

મૂળ ગુજરાતી પણ વિશ્વની જુદી જુદી ભાષાઓના સંપર્કમાં મૂકાતાં અને વિદેશોમાં વસવાટ કરતાં ભારતીયોઓમાંના એક સુજાતા ભટ્ટની[૧] કાવ્યકૃતિઓની સમીક્ષા આ લેખમાં સમાવિષ્ટ છે. કવિએ અંગ્રેજીમાં કાવ્યો લખ્યાં છે. વિદેશી ભાષામાં સ્વકીય સંવેદન પ્રગટાવતાં જે ભાષા તાણ અનુભવી છે તેને પણ કાવ્યમાં વ્યક્ત કરી છે. વિવેચકે કવિની સંવેદના, વર્ણ્યવિષયો, ભાષાઓનું સમાયોજન, સંસ્કૃતિનું મિશ્રણ જેવી બાબતો સર્જકના દષ્ટિકોણથી તપાસી છે. કાવ્યસંગ્રહો, વિશે માહિતી આપી કેટલીક કાવ્યપંક્તિઓ દ્વારા સાધાર રજૂઆત કરી છે.

વિદેશી સાહિત્યકારોનો સર્જકલક્ષી પરિચય આ વિભાગમાં સમાવિષ્ટ છે. વિદેશી સાહિત્યકારોનો વિવેચકે એમનાં જીવન, ઘડતર, સમસામયિકસંજોગો, અન્ય ચિંતક સાહિત્યકાર કે અભિગમના પ્રભાવ, સર્જન, સર્જકસંવેદન અને પ્રદાનના પરિપ્રેક્ષ્યમાં પરિચય આપ્યો છે. વિવેચકનો અભિગમ સર્જકલક્ષી, ઐતિહાસિક, સાંસ્કૃતિક છે. કેટલાક લેખોમાં કૃતિનો અનુવાદ આપ્યો છે. કૃતિની ચર્ચા પણ કરી છે. વિવેચકનો ઉદ્દેશ વિશ્વના સાહિત્યકારોથી અભિજ્ઞતા કેળવવાનો છે. એમના ઉદ્દેશમાં એ સફળ થાય છે. વિવેચકે સંદર્ભગ્રંથનાં નામ આ લેખોમાં આપ્યાં નથી. સ્વાભાવિક છે કે વિવેચકે વાલેરી વિશેના લેખમાં જે શૈલી અપનાવી છે કે સર્જકની કેફિયતો, કૃતિઓ વિશે જે ચર્ચા કરી છે એ વિગતો માટે કોઇને કોઇ આધાર લીધો જ હશે. સંદર્ભગ્રંથોનો અભાવ છે. 'વાલેરી' વિશેના લેખની ભાષા અને રજૂઆત શૈલીપરક છે. ત્યાં સીધું વસ્તુલક્ષી નિરૂપણ અન્ય સર્જકના પરિચયની માફક નથી. વિવેચકની ભાષા મહદઅંશે વર્ણનાત્મક, મૂલ્યાંકનપરક, નિરૂપકની છે. વિવેચકનો અભિભૂત થયાનો ભાવ એમનાં લખાણમાં વરતાય છે. સર્જક વિશેની માહિતી એમના જીવનસંદર્ભ, મહત્ત્વની ઘટનાઓ, સર્જન, કેફિયતો, પત્રો, કૃતિપરિચયો, કૃતિ સમીક્ષાઓ, અવલોકનો વગેરે દ્વારા રજૂ થઇ છે. વિવેચકની ભાષા વર્ણનાત્મક, મૂલ્યાંકનપરક છે. એમના આ લેખો કોઇને કોઇ સંદર્ભસામગ્રી આધારિત લેખો છે. 'અપરિચિત અ અપરિચિત બ'માં સંદર્ભસામગ્રીનો ઉલ્લેખ છે. વિવેચકનાં નિરીક્ષણોમાં ટીકાનો ભાવ ઓછો છે.

૧. સહવર્તી/પરિવર્તી પૃ. ૨૭૫

૫.૨ સાહિત્યિક વાદલક્ષી વિવેચન

SMT. HANSA MEHTA LIBRARY
THE MAHARAJA SAYAJIRAO UNIVERSITY OF BARODA
The M. S. University of Baroda

વિવેચકે આધુનિક સાહિત્યિકવાદો સંદર્ભે પ્રતીકવાદ અને અનુઆધુનિકતાવાદ વિશે વિવેચન કર્યું છે. તેમાં ફ્રેન્ચ કવિતાના અનુવાદનો ગ્રંથ, હદપારના હંસ અને આલ્બેટ્રોસમાં પ્રતીકવાદ વિશે દીર્ઘ નિબંધ છે. તો અનુ-આધુનિકતાવાદ વિશે સંપાદન અને સ્વતંત્ર વિવેચન કર્યું છે.

'હદપારના હંસો અને આલ્બેટ્રોસ' પુસ્તકમાં શાર્લ બોદલેર, આર્થર રે'બો, પોલ વર્લે, શાર્લ ક્રોસ, સ્તેફૈં મલાર્મે અને પોલ વાલેરીનાં કાવ્યોના અનુવાદ આપ્યા છે. આધુનિકવાદને સમજવા માટે પ્રતીકવાદને સમજવો અનિવાર્ય છે. એમ કહી વિવેચકે પ્રતીકવાદી કવિઓના કાવ્યોના અનુવાદો, પોલ વાલેરી સર્જકનો પરિચય અને પ્રતીકવાદ વિશેનો સળંગ અભ્યાસલેખ આ પુસ્તકમાં સમાવ્યાં છે.

વિવેચકે પ્રતીકવાદની વિભાવના સ્પષ્ટ કરતાં નોંધ્યું છે કે –

'પ્રતીકવાદ એટલે તિર્યક્ કવિતા', જેમાં અત્યંત બૌદ્ધિક અને સંવેદનની અત્યંત સંકુલ ચિત્તસ્થિતિઓનું મિથ અને પ્રતીકોના ઉપાદાન દ્વારા વર્ણન નહીં, પણ પ્રત્યાયન કરવામાં આવે છે, જેમાં ભાષાને વિધાન કે પુનર્વિધાનના કાર્યથી મુક્ત કરવામાં આવે છે, જેમાં પદ્યબંધથી મુક્ત વાકય સંદર્ભોનો, તર્કમુક્ત કલ્પનરચનાઓનો અને અર્થમૂલ્યોથી નિરપેક્ષ એવી નાદસંપત્તિનાં મૂલ્યો વડે નિયંત્રિત શૈલીનો પુરસ્કાર કરવામાં આવે છે, જેમાં સંગીતની જેમ તાર્કિક વિશ્લેષણનો પ્રતિકાર અને સ્વયંનિર્ભર શબ્દમૂલ્યો તેમજ વાકય-ક્રમનો અંગીકાર કરવામાં આવે છે'.[1]

આ વિભાવનામાં પ્રતીકવાદની કવિતાને અને ભાષાને માધ્યમથી ઉપર ઊઠાવીને સંગીતની કક્ષાએ સ્વયંનિર્ભર શબ્દમૂલ્યોના સ્તરે સ્થાપવાની વિચારણા સ્પષ્ટ થઈ છે.

---

૧. હદપારના હંસ અને આલ્બેટ્રોસ પૃ. ૧૦૩

આ લેખને વિવેચકે નીચેના વિભાગોમાં વહેંચ્યો છે.–(૧) પૂર્વભૂમિકા (૨) પ્રતીકવાદના ઉદ્‌ગમ અણસાર (૩) કવિતાનું શુદ્ધિકરણ (૪) પ્રતીક (૫) ભાષા (૬) સંગીત (૭)બૉદલેર (૮) પૉલ વર્લે (૯) આર્થર રે'બો (૧૦) મલાર્મે (૧૧) અન્ય કવિઓ (૧૨) રશિયન પ્રતીકવાદ (૧૩) જર્મન પ્રતીકવાદ (૧૪) બ્રિટિશ અને અમેરિકન પ્રતીકવાદ (૧૫) પ્રતીકવાદનો પ્રભાવ અન્ય દેશોમાં અને (૧૬) ઉપસંહાર.

પૂર્વભૂમિકામાં વિવેચકે પ્રતીકવાદી ધારાનો આરંભ; મુખ્ય પ્રવૃત્તિઓ; પ્રમુખ કવિઓ, અન્ય સાહિત્યિક કે સાહિત્યેતર ધારા અને વિચારોનો પ્રભાવ; પ્રતીકવાદની વિભાવના, આગ્રહો, સ્વરૂપ, વિચારણા, અન્ય કલાઓનો પ્રભાવ અને વિકાસ માટેનાં મુખ્ય કારણોનો સમાવેશ કર્યો છે. પ્રતીકવાદના ઉદ્‌ગમ અણસારના બીજા ખંડમાં પ્રતીકવાદનો આરંભ કરનાર અમેરિકન કવિ ઝેરાર-દ-નેરવલ, બૉદલેર અને મલાર્મેને પ્રભાવિત કરનાર અમેરિકન કવિ એડગર એલન પો અને સંગીતકાર વેગનરની સંગીત રચનાઓની વિશિષ્ટતા વિશે ટૂંકી માહિતી આપી એમને પ્રતીકવાદના ઉદ્‌ગમના આધારરૂપ ગણ્યાં છે. ત્રીજા પ્રકરણમાં કાવ્યને શુદ્ધિકરણ તરફ લઇ જતા સંગીતતત્ત્વ, કલ્પનરચના, છંદ-નિયમોમાંથી મુક્તિ જેવી પ્રવિધિઓ દર્શાવી છે. કાવ્ય અને ભાષાને ફિલસૂફીનાં તત્ત્વો અને વીગતપૂર્ણ અતિસ્પષ્ટ વર્ણનોથી દૂર લઇ જઇ શુદ્ધિના આગ્રહ અને આધારરૂપે સંકેત અને સંદિગ્ધતાની પ્રતિષ્ઠા કરી. પ્રતીક વિશે ચર્ચા કરતાં ગણિત-વિજ્ઞાનનાં અને વ્યવહારનાં નિશ્ચત પ્રતીકોની સામે કાવ્યનાં પ્રતીકોને સંવેદનાઓ જન્માવતાં શબ્દસંશ્લેષણ તરીકે ઓળખાવ્યાં છે. નિશ્ચિત પ્રતીકો માટે સંજ્ઞા (Sign) અને કાવ્યપ્રતીકો માટે જ સંકેત (Symbol) શબ્દ ચાર્લ્સ ડેવીએ સૂચવ્યો છે.

'ભાષા'ના વિભાગમાં સંગીતની સમકક્ષ લઇ જઇ શકાય એવું ભાષાનું સંયોજન, ભાષાની વૃન્દરચના, ભાષાના વિશિષ્ટ પ્રયોગ જેવી પ્રવિધિઓ દ્વારા ભાષાનું મહત્તમ મંત્રબળ ઊભું કરતી પ્રતીકવાદી કાવ્યપ્રવૃત્તિની નોંધ લીધી છે. પ્રતીકવાદી કવિતા પર સંગીતનો પ્રભાવ વધુ હતો અને સંગીતની માધ્યમશુદ્ધિની ખેવના રાખી પ્રતીકવાદી કવિઓએ ભાષા પ્રવૃત્તિઓ આદરી, રૂઢ ખ્યાલો અને

પદ્ધતિઓનો ત્યાગ કરીને અને ભાષાનાં શુદ્ધ શ્રાવ્યકારણો ઉપસાવ્યાં. પ્રમુખ પ્રતીકવાદી કવિઓમાંના કવિ બોદલેરની સર્જનપ્રવૃત્તિ, કાવ્યરુચિ, કાવ્યસૂઝ, કાવ્યભાવના, કાવ્યલક્ષણો, સ્વીકૃત-અસ્વીકૃત વિચારધારા અને સર્જકતા વિશે ચર્ચા કરી છે. બોદલેર પ્રતીકવાદી ઝૂંબેશના શરૂઆતના ગાળાના કવિ છે. વિવેચકે એમના બે કાવ્યઅંશોના અનુવાદ આપ્યા છે.

વિવેચકે નોંધ્યું છે કે –'બોદલેરથી સમગ્ર કાવ્યક્રિયામાં અને કાવ્યમીમાંસામાં એના બંડખોર વ્યક્તિવાદનો (rebellious individualism) પ્રવેશ એ પ્રતીકવાદને અપાયેલું મુખ્ય પ્રદાન છે.'[૧] વિવેચકે નોંધ્યું છે કે બોદલેરનું ધ્યાન પૂરેપૂરું ભાષા પર ગયું નહોતું.

વિવેચકે પોલ વર્લેની સાહિત્યવિભાવના અને પ્રદાનને દર્શાવતા નોંધ્યું છે કે

'પોલ વર્લેની રાહબરી હેઠળ પ્રતીકવાદનું અવનતિ કવિજૂથ **(decadents)** યાતના, નેતિવાદ અને વિલક્ષણતાની શોધમાં આગળ વધતાં સૌંદર્યનિર્મિતને ઝંખે છે.'[૨]

પોલ વર્લેની સંગીતકેન્દ્રી કાવ્યમીમાંસા અને એના કાવ્યઅંશના અનુવાદ રજૂ કર્યા છે. વર્લે છંદના જડબંધનોને તોડે છે. પાર્નેસિયન કાવ્યતત્ત્વો, પ્રાસબંધનો તર્ક કે બુદ્ધિ તત્ત્વને ફગાવી સંગીત અને સંકેત દ્વારા પ્રતીકાત્મક કલાને કેટલાંક કાવ્યોમાં સંયોજિત કરી છે. વર્લે પદ્ય મુક્તિ તરફ ગયા પણ સાથે સાથે 'કવિતા હંમેશાં પદ્યમાં જ હોય' એવું દઢ મંતવ્ય સ્વકાર્યું હતું.

આર્થર રે'બોની કવિતા નીતિ, તર્ક અને કલાનાં ધોરણો અવળસવળ કરી દે છે, પદ્ય, પ્રાસનાં જડબંધનો તોડે છે, વિષમ લયની નાની-મોટી પંક્તિઓ કે અનિયમિત લયભાતો ઉપસાવે છે. રે'બોએ શબ્દને નવા અર્થ દ્વારા પુનઃસ્થાપિત કર્યો, ગદ્યકાવ્યો રચ્યાં, પ્રતિરૂપો, રૂપકો, કલ્પનો દ્વારા શબ્દશોધોની મૌલિકતા

૧. પ્રતીકવાદ પૃ. ૧૪૪
૨. એજન પૃ. ૧૪૪

સિદ્ધ કરી અને સભાનપણે ઇન્દ્રિયોની અવ્યવસ્થા સ્વીકારી. રે'બોએ કવિને દ્રષ્ટા કહ્યો કે જે વાસ્તવની પર બીજા જગતમાં સીધું જોઇ શકે છે. રે'બોના મતે કવિ પોતાને દ્રષ્ટા બનાવે છે. વિવેચકે રે'બોની કાવ્યકૃતિના અંશ અનુવાદિત સ્વરૂપે રજૂ કર્યાં છે. બૉદલેર, વર્લૅ, મલાર્મે સાથે તુલના પણ કરી છે.

મલાર્મે શબ્દની આદિમ શુદ્ધિ અને શક્તિને પુરસ્કારે છે. યથાર્થભાષા, મંત્રભાષા, દ્રવ્યરૂપે ભાષાને ઉપાસવવા મથે છે. મલાર્મે–વસ્તુને નહી એની અસરના નિરૂપણને કાવ્યાદર્શ ગણે છે. એ ભાષાનાં રહસ્યોમાં ઓતપ્રોત રહી શુદ્ધ સૌંદર્યની પ્રેરણાથી ભાષાની અસરોની ગણતરી મૂકે છે. મલાર્મેની કાવ્યવિભાવના, કાવ્યપદાર્થને પામવાની મથામણો અને સમજણને વિવેચકે રજૂ કરી છે. મલાર્મેની કવિતા વાગ્મિતાથી અને અભિવ્યક્તિકાર્યથી દૂર જઇ કશાયને ન સૂચવતી એવી કેવળસંજ્ઞા તરીકે પ્રસ્થાપિત થાય છે. મલાર્મેએ પરત્વવાદી અને પ્રતીકવાદી વાસ્તવ સાથેના પોતાના બધા સંદર્ભોને તોડી નાખી, ખાલીખમ શૂન્યતામાં આદર્શ વિશ્વ રહેલું સ્વીકાર્યું છે. મલાર્મેએ અભિધાર્થ, પ્રતીકાર્થ ઉપરાંત શબ્દોની શ્રુતિઓનો કાવ્યમાં સ્વીકાર કર્યો છે.

રશિયન પ્રતીકવાદના ઉદ્ભવનાં સાહિત્યિક-સાંસ્કૃતિક કારણો દર્શાવી મુખ્ય કવિઓ, સામયિકો, પુસ્તિકાઓ, પ્રવૃત્તિઓ, સિદ્ધાંતો, વિશિષ્ટતાઓ, ભિન્ન, સાહિત્યિક પ્રવાહો અને કવિઓના વ્યકિતગત કાવ્યસિદ્ધાંતો વિશે માહિતી આપી છે. વિવેચકે નોંધ્યું છે કે રશિયન પ્રતીકવાદ બે પ્રતિસ્પર્ધી પ્રવાહોમાં વહેંચાયેલો છે. શુદ્ધ સૌંદર્યનિષ્ઠ પ્રવાહ જે વિદેશી કવિઓથી પ્રભાવિત છે, જેમાં ટેક્નિકલ શ્રાવ્યપ્રયોગો અને સ્વરૂપોનું મહત્ત્વ બ્રુસોવ, બાલમોન્ત આદિ કવિઓએ સ્વીકારેલું છે. બીજો આલેકઝાન્દર બ્લોક, આન્દ્રેય બેલી, ઇવાનોવ આદિનો તત્ત્વનિષ્ઠ ધાર્મિક પ્રવાહ છે, જેમાં સાહિત્ય પાસે સાહિત્યિક સિદ્ધિથી વિશેષની અપેક્ષા મહત્ત્વની છે.

જર્મન પ્રતીકવાદના ખંડમાં જર્મન પ્રતીકવાદના પ્રમુખ કવિઓ, ખરીતા, કાવ્યસિદ્ધાંતો, વ્યકિતગત વિશિષ્ટતા વિશે માહિતી આપી છે, જર્મન પ્રતીકવાદી કવિઓમાં જ્યોર્જ સ્ટેફાન અને રિલ્કે મોખરે છે.

બ્રિટશ અને અમેરિકન પ્રતીકવાદનો આરંભ એનાં પ્રમુખ કવિઓ, કાવ્યસિદ્ધાંતો અને વિશિષ્ટતાઓને અનુલક્ષીને દર્શાવ્યાં છે. યેટસે પ્રતીકના ધ્વનિપ્રતીકો અને વિચારપ્રતીકો એવા બે ભેદ કર્યા છે. ટી. હ્યુમ અને એઝરા પાઉન્ડ જે 'કલ્પનવાદ' સ્થાપ્યો, એનાં મૂળ વિવેચકે પ્રતીકવાદમાં જોયાં છે. કલ્પનવાદે 'શુદ્ધ કલ્પન'નો આગ્રહ રાખતાં કલ્પન સંજ્ઞાની સ્પષ્ટતા કરી છે કે 'સમયની એક ક્ષણમાં બુદ્ધિ અને લાગણીના સંકુલને સ્થાપે તે કલ્પન'. હ્યુમના મતે કવિતા એ શબ્દોનું 'મોઝેક' છે. ટી.એસ. એલિયટની પ્રતીકો, રૂપકો, ભાવનાં સાંકેતિક સાહચર્યો દ્વારા સંક્રમણની પદ્ધતિ; પરંપરાગત સાહિત્ય અને ભૂતકાળ સાથેનું અનુસંધાન યોજતી પ્રતીકરચના; બિનંગત પ્રતીકો અને પરસ્પર સંબંધિત કલ્પનોથી સર્જાતી પ્રતીક રચના વડે ઘડાયેલી વિશિષ્ટ રચનારીતિ છે. વિવેચકે મલાર્મે અને એલિયટનાં પ્રતીકો, રચનારીતિ, નિરૂપણરીતિ વચ્ચેનાં સામ્યભેદને તુલનાત્મક ભૂમિકાએ તપાસ્યાં છે.

અન્ય દેશોમાં પ્રતીકવાદનો પ્રભાવ વર્ણવતા ઇટાલીયન કવિઓ ઊંગારેતી અને યૂજેનિયો મોન્તાલે, પોર્ટુગીઝ કવિ યૂજેનિયો-દ-કાસ્ત્રો, સ્પેનિશ કવિઓ રુવેન દારીઓ, અને વ્હાન રામોન હિમેનેથ, જપાનના પ્રમુખ કવિ હાગીવારા સાકુતારો તથા તુર્કી કવિ ઓરહાન વેલીનાં કાવ્યની વિશિષ્ટતા, વિભાવના, સિદ્ધાંતો અને કૃતિઓ વિશે માહિતી આપી છે. ઉપસંહારમાં અગમ્ય સંવેદનો અને ભાવોની સંક્રાંતિ માટે બહારનાં પ્રતિરૂપોનો વિશેષ રીતે થયેલો ઉપયોગ, સ્વરૂપ શુદ્ધિ, બુદ્ધિતર્કનો છેદ અને અરૂઢ સાહિત્યરૂપોના પ્રાગટયને પ્રતીકવાદના પ્રદાન તરીકે ઓળખાવ્યાં છે. 'કવિતા પાસેથી એની પ્રકૃતિ કરતાં પણ વિશેષની અપેક્ષાને કારણે કાવ્યસિદ્ધાંત કે કાવ્યસંપ્રદાય તરીકે પ્રતીકવાદ કદાચ નિષ્ફળ ગયો છે'. એમ પ્રતીકવાદની નિષ્ફળતા નોંધી છે. પ્રતીકવાદ નિષ્ફળ જવાનાં કોઈ સબળ કારણો વિવચકે આપ્યા નથી.

આ લેખમાંથી પ્રતીકવાદનાં મહત્ત્વનાં લક્ષણો તારવ્યાં છે.

પ્રતીકવાદ કૌતુકવાદ, ગૂઢવાદ કે પાર્નેસિયન કવિઓની સિદ્ધાંત વિચારણાની સામે અસ્તિત્વમાં આવ્યો. પરંપરાથી દૂર જઇને પ્રતીકવાદી કવિઓએ કાવ્યને વિશિષ્ટ રીતે પ્રસ્તુત કર્યું. પ્રતીકવાદી અરૂઢ નિરૂપણશૈલીમાં શબ્દની મંત્રશકિત અને નાદશકિત દ્વારા ભાષાનો મહત્તમ વિનિયોગ શકય બન્યો. રૂઢ છંદ, પ્રાસનાં નિશ્ચિત આયોજનોનો પરિહાર કરી પ્રતીકવાદી કવિઓએ લયની વિવિધ તરાહોને પ્રયોગાત્મક રીતે વિકસાવી. તર્ક, બુદ્ધિ, સમજણ અને અર્થઘટનની સીમાઓથી કવિતાને દૂર લઇ જઇ કવિતાને એના શુદ્ધ સ્વરૂપે પ્રયોજવા માટે એનાં સંકેતો અને શ્રાવ્યતાને સાર્થ રીતે પ્રયોજ્યાં. શુદ્ધ કવિતા એટલે ભાષાનાં નિશ્ચિત, રૂઢ થયેલા સાહચર્યો, અર્થો, તર્કોથી દૂર જઇ ભાષાના તદ્દન ભિન્ન અર્થો અને સાહચર્યો નીપજાવે એવી કવિતા. પ્રતીકવાદે મુક્ત પદ્ય અને ગદ્ય કાવ્યનાં સ્વરૂપો વિકસાવ્યાં. કેટલાક કવિઓએ સંગીતની સમકક્ષ જતી કાવ્યની શુદ્ધ નાદતત્ત્વયુક્ત શકિતને પ્રગટાવવાનો પરિશ્રમ કર્યો. વ્યવહાર ભાષાથી તદ્દન જુદી કવિતાની ભાષા સર્જવાનો ઉદ્યમ કર્યો. વસ્તુ કે વાસ્તવિકતાનું નહીં, પણ કાવ્ય દ્વારા ભાષાએ ઊભી કરેલી અસર નિરૂપવાનું કાર્ય નવી કાવ્યશૈલી દ્વારા થયું. અન્ય પ્રયોજનોને અવગણી કલાની સર્વોપરિતાનો ખ્યાલ અને કલાખાતર કલાનો ઉદ્દેશ સ્વીકારાયો. રોજિંદા વાકયવિન્યાસ, શબ્દક્રમ, નિશ્ચિત અર્થ-લયતરાહો, ફિલસૂફીનાં તત્ત્વો, વીગતપૂર્ણ અને અતિસ્પષ્ટ વર્ણનો, સીધાં વિધાનો, વિશદ નિરૂપણો-આ તમામથી કાવ્યને દૂર રાખ્યાં. અત્યંત અંતઃકેન્દ્રી સંકુલ અને સંદિગ્ધ, કલ્પનગુચ્છ અને પ્રતીકરચના, અર્થનિષ્ઠ રૂપકગ્રંથિ અને નિશ્ચિત ભાવનિષ્ઠ સંકેતો દ્વારા કાવ્યતત્ત્વને અપાતું પ્રાધાન્ય : જેવી પ્રવિધિઓ દ્વારા કાવ્યાભાષાને વિશિષ્ટ બનાવવામાં આવી. પ્રતીકો કોઇનો અનુવાદ નથી, એ રૂપાંતર પ્રક્રિયાની સંકુલ ગતિનાં સૂચક છે. પ્રતીકો એ સંવેદનાઓ જન્માવતાં શબ્દસંશ્લેષણો છે.

વિવેચકે તુલનાત્મક, સર્જકલક્ષી, વાદલક્ષી અને ઐતિહાસિક અભિગમ અપનાવી

૧. પ્રતીકવાદ પૃ. ૧૩૨

પ્રતીકવાદની ચર્ચા કરી છે. વિવેચકે પ્રતીકવાદી પ્રવૃત્તિનો ચિતાર આપ્યો છે. વિવેચકનો ઉદ્દેશ પ્રતીકવાદનો એનાં વલણો, પ્રસ્થાનકારો અને કાવ્યવિભાવનાઓ સહિત પરિચય કરાવવાનો છે. વિવેચકની ભૂમિકા પ્રતીકવાદી ઝુંબેશનો વિગતે આલેખ આપનારની છે. વિવેચકની ભાષા વર્ણનાત્મક છે. જે-તે પ્રતીકવાદી કવિઓની વિશિષ્ટતા, લાક્ષણિકતા અને મહત્ત્વનાં પ્રસ્થાન દર્શાવ્યાં છે.

પ્રતીકવાદની સીમાઓ અને એનાં વળતાં પાણી વિશે એક જ નોંધ છે. વિગતે ચર્ચા કરી નથી. એ રીતે આ ચર્ચા એટલી અધૂરી રહે છે, પ્રતીકવાદની ચર્ચા માટે સંદર્ભગ્રંથોનો આધાર હશે જ. આ સંદર્ભગ્રંથોની કોઇ યાદી, સૂચિ કે ઉલ્લેખ મળતાં નથી. ભારતીય પરિપ્રેક્ષ્યમાં અને ગુજરાતી સાહિત્યમાં પ્રતીકવાદની શી અસરો પડી અને પ્રતીકવાદને કઇ રીતે જોવામાં આવ્યો એ વિશે કોઇ રજૂઆત નથી.

વિવેચકે પ્રતીકવાદનો અભ્યાસ કરવા માટે ફ્રેન્ચ સાહિત્યના ક્ષેત્રને પસંદ કર્યું છે. પ્રતીકવાદ જે વિદ્યાશાખાઓ, વ્યક્તિઓ અને વિચારસરણીથી ઉદ્ભવ્યો તે દર્શાવ્યું છે. સામાજિક, સાહિત્યિક, સાંસ્કૃતિક કટોકટી અને મનોમંથનોની પ્રત્યાઘાતી ભૂમિકા દર્શાવી નથી. આધુનિકતાવાદના મૂળમાં રહેલા પ્રતીકવાદના ઉદ્ભવની એના યોગ્ય પરિપ્રેક્ષ્યમાં માંડણી થઇ શકી નથી. વિવેચકે ફ્રેન્ચ પ્રતીકવાદ એના પ્રભાવથી રશિયા, જર્મની, બ્રિટન, અમેરિકા સહિતના જે-જે દેશોમાં વ્યાપક બન્યો તેની નોંધ લીધી છે. જે-તે ભાષાના કવિએ પ્રતીકવાદને કઇ ભૂમિકાએ, કોના પ્રભાવે અને કઇ સ્વકીય મુદ્રાથી અપનાવ્યો છે તે દર્શાવ્યું છે. પ્રતીકવાદ વિશેની નોંધ વિવેચકે વસ્તુલક્ષી પદ્ધતિથી કરી છે. વિવેચકે રૈખિક પદ્ધતિએ ઉદ્ભવ-વિકાસ-સમાપન તરફ ગતિ કરી છે.

એકંદરે પ્રતીકવાદની ઝુંબેશને એનાં પ્રસ્થાનકારો, અનુયાયીઓ અને તેમની કાવ્યપ્રતિભા સાથે વર્ણવી છે. પ્રતીકવાદની પ્રવૃત્તિનો એક વિસ્તૃત ચિતાર આ લેખમાંથી મળે છે.

વિવેચકે 'અનુઆધુનિકતાવાદ' નામે સળંગ અભ્યાસની એક પુસ્તિકા પ્રકાશિત કરી છે. પાંચ પ્રકરણમાં પ્રારંભે આધુનિકતાવાદના હ્રાસ અને અનુઆધુનિકતાવાદના ઉદ્‌ગમ અને વિકાસની ચર્ચા આવરી લીધી છે.

પહેલું પ્રકરણ છે-'આધુનિકતાવાદને હ્રાસકાળ અને અનુઆધુનિકતાવાદનો ઉદ્‌ગમ'. આ પ્રકરણમાં સંસ્કૃતિ, કલા, અર્થ, રાજકરણ, સમાજ, અને સમૂહના માધ્યમોના ક્ષેત્રે વર્તમાન સમયમાં બનેલી ઘટનાઓના ઉદાહરણો આપી સામૂહિક ચેતનાની બદલાતી પરિપાટી દર્શાવી છે. યંત્રવાદ, મૂડીવાદ, સમૂહ માધ્યમો અને વીજાણુ સાધનોના આક્રમણથી માણસની જીવનરીતિ, કાર્યપદ્ધતિ, માનસિકતા અને વિચારવલણો બદલાઇ રહ્યાં છે. કોપરનિકન ક્રાંતિ, ડાર્વિનનો ઉત્ક્રાંતિનો સિદ્ધાંત અને મનોવિજ્ઞાન ક્ષેત્રે ફ્રોઇડની અચેતનમનની શોધ પછીનો વીજાણુ તથા માહિતી સંસ્કૃતિનો આ ચોથો વિચ્છેદ છે. રોબર્ટ બી. રેના આધારે વિવેચકે નોંધ્યું છે કે -'મૌખિક પરંપરા પર સરસાઈ કરીને આવેલી લેખન પરંપરા ઈલેક્ટ્રીનિકને તાબે થઈ છે.'[1]

વિવેચકે પૂર્વઆધુનિક અને આધુનિક તબક્કાઓનાં લક્ષણો અને વલણો દર્શાવ્યાં છે. પૂર્વઆધુનિકતાનો અનુકરણ આશય અને આધુનિકતાનો સાંકેતિક આશય હતો. આધુનિક તબક્કામાં અપનાવાયેલા સોસ્યૂરના સંરચનાવાદી પ્રતિમાન પછી દેરિદાના અનુસંરચનાવાદી પ્રતિમાન અને પછી મિખાઇલ બખ્તિનના સંવાદપરક અનુઆધુનિક પ્રતિમાનોની સ્પષ્ટતા કરી એ મુજબ ઘડાતી ભાષા અને સાહિત્યિક સમજની માહિતી આપી છે. અનુઆધુનિક પ્રતિમાનમાં સાહિત્યવિવેચન ફરીથી અવૈજ્ઞાનિક બની, બહારના સંદર્ભો સ્વીકારી લેખકચેતના, વાચકચેતના, વાચનની પ્રક્રિયા, સામાજિક અને ઐતિહાસિક પરિપ્રેક્ષ્યો જેવાં માનવીય પરિમાણો તરફ વળ્યું. ભાષા ભાષક, શ્રોતા અને સમાજના ઘણાં વ્યવહારો, વર્ગો અને સતત બદલાતાં ઘટકો સાથે સંકળાયેલી હોઇને પ્રકૃતિથી જ સામાજિક છે. તેથી ભાષાએ સામાજિક પ્રત્યાયનનું સતત બદલાતું ઉપાદાન હોવાથી એક અવાજ કે ચેતના પર નિર્ભર ન રહેતાં ગતિશીલ છે. વિવેચક નોંધે છે કે –

---
૧. અનુઆધુનિકતાવાદ પૃ. ૧૧

'રચના (work) કે કૃતિ (text) નહીં પણ સાહિત્ય (discourse) છે, અને તેથી શબ્દો જે વાગ્વ્યવહાર વચ્ચે જન્મે છે, એનો જે રીતે ઉપયોગ શરૂ થાય છે અને એની અસર કે એનો પ્રભાવ ઉપસાવે છે, એના અભ્યાસ માટે સાહિત્યિક વ્યવહારવિજ્ઞાન (Literary pragmatics)જરૂરી છે.'[1]

વિવેચકે સામાજિક, સાંસ્કૃતિક ભૂમિકા અને પૂર્વ આધુનિક તથા આધુનિકના સંદર્ભોની ભૂમિકા રચી અનુઆધુનિકતાવાદની ચર્ચા માટે યોગ્ય પીઠિકા રચી આપી છે.

બીજા પ્રકરણમાં અનુઆધુનિકતાવાદની સંજ્ઞા અને સ્વરૂપની ચર્ચા કરતાં જુદાજુદા વિચારકોની વિચારણા અને મંતવ્યો રજૂ કર્યાં છે. અનુઆધુનિકતાવાદ એ આધુનિક વિચારોનું સાતત્ય, વિકાસ કે વિરોધ; નકારાત્મક સંકેત કે નકારાત્મકને અતિક્રમી જવાની વિધેયક લાગણીનો સંકેત છે. કેટલાકે અનુ (post) પૂર્વગએ ઐતિહાસિક વિલંબન જ નહીં પણ અગાઉના આંદોલન સાથેનો સંતાપજન્ય સંબંધ પણ સૂચવે છે એમ સ્વીકાર્યું છે. જુદીજુદી રીતે ચિંતવેલી અનુઆધુનિક સંજ્ઞાનો વિચાર રજૂ કરી વિવેચક અંતે એ તારણ પર આવ્યાં છે કે 'ખરેખર તો જાતજાતના સૈદ્ધાન્તિક અભિગમોને એક 'સંજ્ઞા' હેઠળ એકઠા કરવામાં આવ્યા છે.'[1]

અનુઆધુનિકતાવાદની ચર્ચા સાંસ્કૃતિક, સામાજિક, આર્થિક અને રાજકીય પરિસ્થિતિના સંદર્ભે કરી છે. અનુઆધુનિકતાવાદ સ્થાપત્યક્ષેત્રે અસિત્વમાં આવ્યો. ત્યાર પછી તે સંજ્ઞા અન્ય વલણો માટે સ્થિર થતી રહી. કેવળ આધુનિક સમયના પ્રયોગશીલ સૌંદર્યવિચાર છોડીને અનુઆધુનિકતાવાદે સૌંદર્યનો માનવતાવાદી વિચાર અપનાવ્યો. સ્થાપત્યક્ષેત્રે વર્તમાન-ભૂતકાળ, મહાન તથા સામાન્ય સ્થળોનો આભાસ, રોજિંદાપણાનો પરિવેશ બધું સાથે સાથે મૂકાયું. સ્થાપત્યક્ષેત્રે કોઇ એક શૈલીને બદલે ભૂતકાળની ઘણી શૈલીઓનો વિનિયોગ કરવામાં આવ્યો. મિશ્ર પદ્ધતિઓનાં હારોહાર ઊભેલાં નવતર ચણતરો અનુઆધુનિક શૈલીના નમૂના છે.

અમેરિકાએ કલ્પલોકને સેવ્યો છે, હાંસલ કર્યો છે. અમેરિકામાં ઇમિગ્રન્ટસ દ્વારા અનેક સંસ્કૃતિઓનો મેળાવડો થયો. આ નાગરિકોમાં અતીતરાગ, અતીતઝંખા, સ્વસંસ્કૃતિની ઓળખ, લોકવ્યવહારો, પોતાના સાહિત્ય, સંસ્કૃતિને ટકાવી રાખવાની અને રજૂ કરવાની ઝંખના દ્વારા ભિન્ન ભિન્ન અને મિશ્ર સંસ્કૃતિનાં તથા પદ્ધતિનાં મોન્ટાજ કોલાજ મળવા શરૂ થયાં. અનુઆધુનિકતાના ઉદ્‌ભવનું કેન્દ્ર અમેરિકન કોસ્મોપોલિટન સંસ્કૃતિ બની. વિવેચકે અનુઆધુનિકતાવાદને સૂચવતા ટેલિવિઝન સંસ્કૃતિ, સંચાર માધ્યમો, સમુદાયોની માનસિકતા, પશ્ચિમીકરણની વિશ્વમાં વ્યાપતી જતી ઘેલછા, લોકપ્રિયતાનાં ધોરણો, મોલ કલ્ચર, મૂડીવાદી વિચારધારા, ઉચ્ચ નિમ્ન કલાઓના વિપર્યય, શૈલીગત સંકરતાનો ઉદારવાદ, પ્રતિકૃતિ, મિશ્રકૃતિ, મિશ્રણો તરફનું વલણ, કલાની આવૃત્તિશીલતાની અભિધારણા જેવાં વિવિધ પાસાંને ચર્ચ્યા છે. અનુઆધુનિકતાવાદે બહુજાતિવાદ, બહુસંસ્કૃતિવાદ, અનિશ્ચિતતા, વિવિધ ક્ષેત્રોની સ્વાયત્તતા પરત્વેનો શંકાવાદ જેવાં લક્ષણો દાખવ્યાં. આધુનિક સ્વાવલંબનને બદલે અનુઆધુનિકતાવાદે પરસ્પરાવલંબનને લક્ષમાં રાખ્યું. અનુઆધુનિકતાવાદે કોઇ પણ સંકેત કે કલાકૃતિની સર્જકના નિયંત્રણથી દૂર થઇ અસીમિત રીતે અંતહીન નવા સંદર્ભો રચવાની શકયતાનો સ્વીકાર કર્યો.

વિવેચકે ઇહાબ હસને આપેલી અનુઆધુનિકતાવાદ અને આધુનિકતાવાદના એકમેકથી ઊફરાં જતાં લક્ષણોની યાદી અને રોબર્ટ રે એ આપેલી અનુઆધુનિકતાવાદની ABCD[1] રજૂ કરી છે. આ યાદી દ્વારા અનુઆધુનિકતાનું સ્વરૂપ સમજવામાં સરળતા રહે એમ છે.

ત્રીજા પ્રકરણમાં અનુઆધુનિકતાવાદની દાર્શનિક ભૂમિકા દર્શાવતાં પરિમેયતા, વૈજ્ઞાનિકતા, વસ્તુલક્ષિતાનાં ખ્યાલોના ઉલ્લંઘનને મહત્ત્વ આપ્યું છે. આધુનિકતાએ વૈજ્ઞાનિક પુનર્ગઠન પર ભાર મૂકયો, એમાં વૈયકિતક પુનર્ગઠનની ઉપેક્ષા થઇ. આલાં તુરેનના મતે વૈયકિતક પુનર્ગઠન આજના અનુઔદ્યોગિક

---

૧. અનુઆધુનિકતાવાદ પૃ. ૧૬

વિચારણાનો સાર એ છે કે – સમાજનું તર્કબદ્ધ, સાર્વત્રિક, વસ્તુલક્ષી, ચડિયાતું, સમગ્રલક્ષી, સંચયલક્ષી, પ્રગતિશીલ જ્ઞાન મેળવી શકાય છે એવો વિચાર વિવાદાસ્પદ અને કાલગ્રસ્ત છે. મહાવૃત્તાન્તો તરીકે એ શાશ્વત વિચારણાને ઓળખાવતાં દર્શાવે છે કે એ અવિશ્વનીય ઠર્યાં છે. જ્ઞાન અને વિજ્ઞાનનાં ભેદ દર્શાવી વિજ્ઞાનના ઔચિત્ય માટે મહાવૃત્તાન્તોનો આધાર લેવાતો રહ્યો છે એમ લ્યોતાર નોંધે છે. જ્ઞાનને પામવા માટે વસ્તુપરક સર્વદર્શી અભિગમને બદલે સ્થાનિક કે એકદેશી નિયમોની જરૂર રહે. લ્યોતારના ભાષારમતોના ખ્યાલને વિવેચકે નોંધ્યો છે કે –

'ભાષારમતમાં જેમ પ્રત્યેક પ્રયોગ વખતે નિર્ણય કરી શકાય એમ દરેક ક્ષેત્ર પણ વખતોવખત કોઈ એક સર્વોપરિ સિદ્ધાન્તના અભાવમાં પોત-પોતાની રીતે નિર્ણય કરી શકે છે.'[1] લ્યોતાર જગતને બહુવિધતાના સંદર્ભમાં એટલે કે નાના ભાષાબંધો કે ભાષાબંધોની અંતહીન શ્રેણીમાં ઝાલવાના ખ્યાલરૂપે સ્વીકારે છે. આ જ્ઞાનો લઘુવૃત્તાંતો છે. આ ચર્ચા માટે લ્યોતારે હેગલ, માર્ક્સ, વિટ્ગેન્સ્ટાયનની વિચારણા ખપમાં લીધી છે. સમાજની વ્યવસ્થા કે સાર્વત્રિક સિદ્ધાન્તોની તારવણી કે સમગ્રલક્ષી સમાજના સિદ્ધાન્તો કે નિયત નિર્ણયો નહીં; સમગ્રલક્ષી કે સર્વમાન્ય જ્ઞાન નહીં; પણ જુદાજુદા સમાજ, માણસો, વિચારો, માન્યતાઓ, નિર્ણયો, જ્ઞાનો (લઘુવૃત્તાંતો)નો સ્વીકાર એ અનુઆધુનિકતાનું લક્ષણ છે.

હાબેરમાસ પુનરુત્થાનપ્રકલ્પના બચાવમાં જણાવે છે કે તે પહેલાંને સમય સાપેક્ષ રીતે જોતાં પછાત હતો. પુનરુત્થાનકાળ અને આધુનિક યુગની નરી નકારાત્મક આલોચના સામે તર્ક આપી પુનરુત્થાનકાળનાં મૂળ આશયોને ગ્રહણ કરતાં એ માનવશ્રેય તરફ લઈ જઈ શકે છે, એમ દર્શાવે છે. પિટર ડ્યુઝ લ્યોતારની 'ભાષા રમતો' સંજ્ઞાની સામે 'સામાજિક આચરણ' સંજ્ઞા સૂચવે છે. ડ્યૂઝ ભિન્નતા વચ્ચે પણ કોઈ સર્વસામાન્ય પ્રામાણ્યનું ધોરણ સ્વીકારે છે.

ત્સુક મુન્ટ બોમાને લ્યોતારનો મત સ્વીકારતાં પશ્ચિમી સર્વદર્શી તત્વવિચારણાના

૧. અનુઆધુનિકતાવાદ પૃ. ૪૫

મિથ્યા અંહકારને જૂઠો સાબિત કર્યો છે. બોમાન તટસ્થીકરણ (adaphorization)ની પ્રક્રિયા સૂચવે છે. જે દ્વારા આપણી નૈતિકતા અને આપણાં કૃત્યો વચ્ચેનું વધતું જતું અંતર સૂચવાય છે.

બ્રિટીશ સમાજસિદ્ધાન્તકાર એન્થની ગિડન્સનો દષ્ટિકોણ પુનરુત્થાન-પ્રકલ્પની તરફદારી કરતો કે અનુઆધુનિકતાવાદનો આસકત હોય તેવો નથી. આધુનિકતાવાદ થી સાવ જુદો અનુઆધુનિકતાવાદ નથી. આ પરિવર્તનના સંકેતો અને વિચારો આધુનિકતાવાદમાં સંગોપાયેલાં હતાં જ.

ડેનિયલ બેલ નામના સમાજ સિદ્ધાન્તકારે સામાજિક માળખાં, રાજકારણ, અને સંસ્કૃતિ વચ્ચેના જોડાણના અભાવે ઊભા થતા સામાજિક તણાવો અને સંઘર્ષો દર્શાવ્યાં છે. ઝાં બોદ્રિલારે અમેરિકાની કલ્પલોક, એની જાળવણી અને સ્થાયીપણાની પળોજણને કારણે ઉદ્‌ભવેલી કટોકટી, એનાં ઔપધિક અને કૃતકતાનો વિરોધ રજૂ કર્યો છે. બોદ્રિલાર 'રણ'ને અનુઆધુનિક જીવનનું પ્રતિમાન ગણે છે. જે મૂલ્યવિવેક પારની અર્થહીન સ્થિતિ દર્શાવે છે. સપાટી-ઊંડાણ અને વાસ્તવિક-કલિપ્ત વચ્ચેના ભેદ વિનાની અતિશય વાસ્તવની સ્થિતિ અને વાસ્તવનો લોપ બોદ્રિલાર સૂચવે છે. યુરોપીય તત્ત્વવિચારના અમેરિકી નિષ્ણાત રિચર્ડ રોર્ટી કોઇ એક સિદ્ધાન્તનું વર્ચસ્ વધે એ કરતાં વિવાદ, ઊહાપોહ કે એની ચર્ચા-ચાલ્યા કરે અને અંતિમ પરિણામ પર પહોંચ્યા વગર વસ્તુને વિવિધ ખૂણેથી તપાસવાની તરફદારી થયા કરે એવી અનુઆધુનિક સ્થિતિની હિમાયત કરે છે.

પિયેર બુર્ધ્યુ સાંસ્કૃતિક મૂલ્યો, સંસ્કૃતિના ભેદો રુચિ અને વર્ગીકરણ દ્વારા યાદૃચ્છિક જીવનરીતિઓ સ્વીકૃત જીવનરીતિમાં કઇ રીતે પરિણમે છે તે દર્શાવે છે. બુર્ધ્ય આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક મૂડીનો ખ્યાલ રજૂ કરી જણાવે છે કે મૂડીવાદી સમાજોમાં આર્થિક મૂડી સામાજિક અને સાંસ્કૃતિક મૂડીને ખરીદી લે છે.

-બુર્ધ્યુને અસમાનતામાં રસ નથી, પણ સામાજિક પુનર્નિમાણમાં ઉપાદાન તરીકે પ્રમુખ વર્ગો એ અસમાનતાનો કઈ રીતે ઉપયોગ કરે છે એમાં રસ છે.[1]

ચોથા પ્રકરણમાં વિવેચકે અનુઆધુનિકતાવાદના વિવિધ પ્રવાહો અંગે ચર્ચા કરતાં મુખ્યત્વે અનુસંરચનાવાદ, અનુમાર્કસવાદ, નવ્ય ઇતિહાસવાદ, નારીવાદ, અનુસંસ્થાનવાદ અને નિમ્નવર્ગીય સિદ્ધાન્તની ચર્ચા કરી છે. દેરિદાએ દર્શાવેલા વિરચનની દિશા સંરચનાવાદના તંત્ર રચવા તરફના અભિગમથી વિરુદ્ધની છે. એમણે સંકેતિત અર્થને અંત્યત છટકણો અને અનિશ્ચિત દર્શાવ્યો છે. જેને માટે વ્યતિરેક/વ્યાક્ષેપ (differance) સંજ્ઞાથી ઓળખાવ્યો છે. મિશેલ ફૂકોએ નિશ્ચિત અર્થ સાથે સંકળાયેલા સાર્વત્રિકતાના વિચારનો અસ્વીકાર કર્યો. ફૂકોએ ઇતિહાસ સંદર્ભે સમજૂતી કે કારણોની ભૂમિકાને આત્યંતિક રીતે કાપી નાંખી, જેથી તે ઉત્ક્રાન્તિમૂલક નિષ્કર્ષો પર ન પહોંચાડે. વંશવૃત્તીય વિશ્લેષણને પુરસ્કારે છે. કોઇ એક સત્તા, કેન્દ્ર કે સર્વાશ્લેષી વ્યવસ્થાનો અસ્વીકાર એ ફૂકોનું મહત્ત્વનું અનુસંરચનાવાદી વલણ છે. દેલ્યુઝ અને ગોત્તારીને માટે મનોવિશ્લેષણ એ ઇચ્છાનું કઇ રીતે દમન થાય છે, એનું પ્રતીક છે. મનોવિશ્લેષણની સામે એમણે મનોવિદલન વિશ્લેષણ સૂચવ્યું છે. વિવેચકે નોંધ્યું છે કે 'નવ્યતત્ત્વચિંતકો' બુદ્ધિતર્ક, સિદ્ધાન્ત અને ઇતિહાસના સંપ્રત્યયોના ટીકાકાર રહ્યા છે. માર્કસવાદનાં સિદ્ધાન્તો સામાજિક અને આર્થિક સીમાઓ પર નિષ્ફળ ગયાં છે.

અર્નિસ્તો લેકલો જેવા અનુમાર્કસવાદી વિચારકો માને છે કે માર્કસવાદનાં સિદ્ધાંતોને સંશોધિત કરવા જોઇએ તથા વિવિધ સામાજિક આંદોલનો સાથે એણે સંકળાવું જોઇએ. ટેરી ઇગલટનના મતે અનુઆધુનિકવાદીઓ અખિલાઇ મૂડીવાદ તરફ લક્ષ ન આપીને ભૂલ કરી રહ્યા છે.

'નવ્ય ઇતિહાસવાદ' સંજ્ઞા આપી ગ્રીનબ્લાટે સાહિત્યને સ્વાયત્ત અને સાંસ્કૃતિક-ઐતિહાસિક સંદર્ભોથી મુક્ત ગણતી વિવેચનાને નકારી. સંસ્કૃતિના, રાજકીય

૧. અનુઆધુનિકતાવાદ પૃ. ૫૪

સ્થિતિના ઘનિષ્ઠ વર્ણનની તરફેણ કરી. સાહિત્યની પાછળ રહેતા-ઇતિહાસની સ્થાયી કે વિવાદહીન પાર્શ્વભૂની ભૂમિકા નકારી.

બ્રિટનના 'સંસ્કૃતિ ભૌતિકવાદ'ના અગ્રણી જોનથન ડોલીમોર અને એલન સિનફીલ્ડના મતે કોઇ પણ સાંસ્કૃતિક પ્રવૃત્તિ રાજકીય મહત્ત્વ વગરની હોઈ ન શકે. નારીવાદી લૂસ ઇરિગરે અને હેલન સિઉએ પિતૃસત્તાક વ્યવસ્થાને પડકારી વિરોધો અને ઉચ્ચાવચતા પર આધારિત દ્વન્દ્વાત્મક વિચારણાનાં બધાં સ્વરૂપોનો વિરોધ કરી, સત્તારૂપે રહેલાં લૈંગિક તફાવત અને ભિન્નતાના વિચારનો વિરોધ કર્યો.

અનુસંસ્થાનવાદી વિચારસરણી ધરાવતા સ્પિવાક ગાયત્રી ચક્રવર્તી અને રણજીત ગુહા જાતિ, વર્ગ કે લિંગના કારણે હાંસિયામાં રહેલી ઉપાશ્રિત વ્યકિતની કોઇ એક કેન્દ્રની નિર્ધારિત સત્તાના સંદર્ભમાં અધીન સ્થિતિ વિશે ચર્ચા કરે છે. નારી અને સંસ્થાનવાસી પ્રજાને એમના શાસકની ભાષામાં પોતાના અનુભવો ફરજિયાતપણે વ્યકત કરવા પડે છે. આ ઉપાશ્રિતોના અભ્યાસને અનુસંસ્થાનવાદી ઇતિહાસલેખનના એક સ્વરૂપ તરીકે જોઇ શકાય.

વિવેચકે નોંધ્યું છે કે

'અનુઆધુનિકતાવાદ એ કોઈ ચોક્કસ ઘડી કાઢેલા ઉપક્રમ કે બૌદ્ધિક રચનાકાર્ય કરતાં વિશેષ તો એક પ્રકારનો ભાવપરિવેશ **(stimmung)** છે.'[૧]

વિવેચકે માહિતીના સાધનોના સ્પર્ધાત્મક વિસ્ફોટો અને ગ્રાહકવાદના સંદર્ભે અનુઆધુનિકતાવાદની ચર્ચા કરી છે. સંગીત અને ચિત્રકલામાં લોકભોગ્યતા, જનપ્રિયસંસ્કૃતિ, સંકરણ, સંસ્કરણ દ્વારા અનુઆધુનિકતા આધુનિકતાથી કઇ રીતે પૃથક્તા સિદ્ધ કરે છે તે દર્શાવ્યું છે. ચલચિત્ર, સંગીત, ચિત્રકલાનાં ઉદાહરણોની વાત સ્પષ્ટ કરી છે.

પાંચમા પ્રકરણમાં સાહિત્યમાં અનુઆધુનિકતાવાદનો સંદર્ભ રજૂ કર્યો છે. બાલ્ડિકના તારણને અનુસરીને અનુઆધુનિકતાવાદનો સંબંધ નાટક અને કવિતા કરતાં વ્યાપકપણે નવલકથા સાથે રહેલો છે એમ વિવેચકે સ્વીકાર્યું છે. સાહિત્યક્ષેત્રે નવલકથામાંથી તારવેલા મહત્ત્વનાં અનુઆધુનિક લક્ષણો દર્શાવ્યાં છે. મુખ્ય નવલકથાકારોના ઉલ્લેખ કર્યા છે. અનુઆધુનિકતાવાદના મહત્ત્વનાં લક્ષણોમાં વક્રતા, ઉદ્ધરણ, જનપ્રિયસંસ્કૃતિ, રમતિયાળ બહુઅર્થતા, 'વેસ્ટનર્સ' નવલકથા-વિજ્ઞાનકથાના ઉપયોગ, કાલ્પનિક જગતનું નિરૂપણ, મહાવૃત્તાન્તોની સામર્થ્યહીનતાને દર્શાવવી, કાલવિષયક ક્રમભંગ, કાલઅંગેની અનુભૂતિનો અપક્ષય, મિશ્રકૃતિનો વ્યાપક અને ધ્યેયહીન ઉપયોગ, વિખંડિતતાની સામગ્રીના સંકેતોરૂપ શબ્દોની અગ્રપ્રસ્તુતિ, વિચારોનું શિથિલ સાહચર્ય માનસિક ઉન્માદ કે ચિત્તવિક્ષેપ, ઇતિહાસ અને કપોલકલ્પનાનું મિશ્રણ, બિનસંગતતા, કથાનક, પાત્ર, પરિવેશ, વિષયવસ્તુનો નકાર, અકસ્માત રીતિનો પ્રયોગ, યાદૃચ્છિકતા, ભાષાસ્ખલનો, પ્રાદેશિક-સાંસ્કૃતિક આવિષ્કારો અને ભાષાબંધના તાર્કિક રીતે ભિન્ન સ્તરો વચ્ચે ભેદ લોપને દર્શાવ્યાં છે. વિશ્વસાહિત્યની કેટલીક નવલકથાઓનાં ઉદાહરણો આપ્યાં છે.

ગુજરાતી સાહિત્યમાં મધુરાયની 'કલ્પતરુ', બાબુ સુથારની 'કાચંડો અને દર્પણ' નવલકથાઓ અને વિનોદ જોષીની 'તુણ્ડિલ તુણ્ડિકા' પદ્યવાર્તા વિશે સામગ્રીલક્ષી અને પ્રયુક્તિલક્ષી નોંધ રજૂ કરી છે. નીતિન મહેતાના કાવ્યસંગ્રહ 'નિર્વાણ', ચિનુ મોદીના દીર્ઘકાવ્ય 'વિ-નાયક', કૃષ્ણ દવેના કાવ્યસંગ્રહ 'પ્રહાર'ને અનુલક્ષીને કાવ્યસ્વરૂપમાં અનુઆધુનિકતાવાદની ચર્ચા કરી છે. આ કાવ્યસ્વરૂપોનો એના સંવેદન વિશ્વ, પ્રવિધિઓ અને લોકવાદી તત્ત્વોના આધારે પરિચય કરાવ્યો છે. મોહન પરમારના વાર્તાસંગ્રહ 'કુંભી' અને હિમાંશી શેલતના 'એ લોકો' અને માય ડિયર જયુની વાર્તાઓમાં વાસ્તવ, કથનરીતિ, સંવેદન, પાત્રો, સંવાદ, વસ્તુ, ભાષા જેવા ઘટકોમાંથી ઉપસતી અનુઆધુનિકતાવાદની શૈલીની નોંધ કરી છે.

વિવેચકે અનુઆધુનિકતાવાદને આધુનિકતાવાદ પછીની વ્યાપક વૈશ્વિક સ્થિતિ

---

૧. એજન પૃ. ૬૯-૭૦

તરીકે જુએ છે. આધુનિકતાવાદની અભિજ્ઞતા સાથે સંયોજિત નવા ઘટકોનો પુરસ્કાર જોવાનું ઉચિત ગણાવે છે. આ પ્રકરણમાં અનુઆધુનિકતાવાદી વલણો કૃતિના સંદર્ભે તપાસ્યાં છે. વિશ્વસાહિત્યની કૃતિઓમાં નવલકથાની અને ગુજરાતી સાહિત્યની કૃતિઓમાં નવલકથા સાથે ટૂંકીવાર્તા , પદ્યવાર્તા, કાવ્યસંગ્રહની ચર્ચા પણ કરી છે.

અનુઆધુનિકતાવાદનો પરિચય વિવેચકે વિશ્વસાહિત્યના અને વૈશ્વિક સામાજિક-સાંસ્કૃતિક પ્રવાહોના પરિપ્રેક્ષ્યમાં કરાવ્યો છે. વિવેચકની સંદર્ભસામગ્રી અને આધાર સામગ્રી વૈશ્વિક ફલકને આવરી લે છે. તેથી વિશ્વભરમાં અનુઆધુનિકતાવાદ વિશેની વિચારણા, વિભાવના, સમજૂતી અને ક્રિયા-પ્રતિક્રિયાના આલેખનો આ પુસ્તકમાંથી મળે છે. પ્રથમ પ્રકરણમાં ભૂમિકા રચી આપી છે. બીજા પ્રકરણમાં અનુઆધુનિકતાવાદના સંજ્ઞા અને સ્વરૂપ વિશેની માહિતી આપી છે. ત્રીજા પ્રકરણમાં અનુઆધુનિકતાવાદની દાર્શનિક પીઠિકા સ્પષ્ટ કરતાં વિવિધ વિચારકોના મંતવ્યો અને વિચારણાઓની તાત્ત્વિક રજૂઆત કરી છે. ચોથા પ્રકરણમાં અનુઆધુનિકતાવાદના વિવિધ પ્રવાહો વિશ્વસાહિત્યનાં સંદર્ભે ચર્ચ્યા છે. પાંચમા પ્રકરણમાં સાહિત્યમાં અનુઆધુનિકતાવાદનો સંદર્ભ આપતાં વિશ્વ સાહિત્યની કેટલીક નવલકથાઓ અને ગુજરાતી સાહિત્યની નવલકથા, ટૂંકીવાર્તા, કાવ્ય જેવાં વિવિધ સાહિત્યસ્વરૂપોમાંથી અનુઆધુનિક ઉન્મેષ દાખવતી કેટલીક કૃતિઓની ચર્ચા કરી છે.

'ભારતીય સાહિત્યનો અનુઆધુનિકતાવાદ ભિન્ન હોય છતાં એની અન્યો સાથેની સમાંતરતાઓને અવગણી શકાશે નહીં.'[૧] આમ ટૂંકીનોંધ કરી વિવેચકે ગુજરાતી સાહિત્યની કૃતિઓની ચર્ચા કરી છે. ભારતીય સાહિત્ય, ભારતીય પરિપ્રેક્ષ્યની ચર્ચા આ પુસ્તિકામાં સમાવી શકાઇ નથી. ગુજરાતી સાહિત્યની ચર્ચા કરતાં ગુજરાતી સાહિત્યનાં વહેણો અછડતો ઉલ્લેખ પામે છે. જો ભારતીય સાહિત્યનો અનુઆધુનિકતાવાદ ભિન્ન હોય તો એની પોતાની સાંસ્કૃતિક, રાજકીય, સામાજિક, આર્થિક અને સાહિત્યિક પાર્શ્વભૂમાં એ રજૂ થાય એ જરૂરી બને. આધુનિકતાવાદ તરફથી અનુઆધુનિકતાવાદ તરફ ભારતીય સાહિત્ય અને

ગુજરાતી સાહિત્યને લઈ જનાર કયાં પરિબળો હતાં તેની ચર્ચા આ પુસ્તિકામાં કરવી જરૂરી હતી. જેથી આપણા સાહિત્યને આપણા પરિપ્રેક્ષ્યમાં પામી શકાય. વિવેચકે જે બે અનુઆધુનિક નવલકથાઓની વાત કરી છે એ બંને નવલકથાઓના લેખકને વિશ્વ સાહિત્યનાં વહેણોનો સારો એવો પરિચય છે. એ સિવાય કોઈ ગુજરાતી લેખકની ગુજરાતી પરિવેશ સાથે લખાયેલી નવલકથાનો ઉલ્લેખ નથી.

આધુનિકતાવાદ અને અનુઆધુનિકતાવાદ બંને સમયમાં સક્રિય રીતે વિવેચન કરનાર, સિદ્ધાંતો તારવનાર આ વિવેચક પાસેથી બદલાતા સાહિત્યિક પ્રવાહોનો એક સળંગ આલેખ ગુજરાતી સાહિત્ય સંદર્ભે મળવો અપેક્ષિત હતો. એ મૌલિક પ્રદાન વિનાની આ વિચારણા વિશ્વસાહિત્યની સંદર્ભસામગ્રી પર આધારિત હોઈને આપણા પરિવેશના સ્પર્શ વિહોણી અપરિચિત બની છે.

૫.૩ પ્રકીર્ણ

રચનાવલી :

'રચનાવલી'માં વિવેચકે બસોઅઢાર અવલોકનો ટૂંકા સમાવ્યા છે. આ અવલોકનોમાં ગુજરાતી ભાષાની મધ્યકાલીન, અર્વાચીન અને આધુનિક સાહિત્યકૃતિઓ, ભારતની વિવિધ પ્રાદેશિક ભાષાની કૃતિઓ અને વિશ્વસાહિત્યની કૃતિઓનો પરિચય આપ્યો છે. લેખોને ભાષા અનુસાર વિભાગોમાં વહેંચ્યા છે. જેમાંથી અઢાર લેખોમાં મધ્યકાલીન સાહિત્યનાં રાસ, પ્રબંધ, પદ, આખ્યાન, ગરબો, સાખી અને ઈતિહાસ જેવાં વિવિધ મધ્યકાલીન સાહિત્યસ્વરૂપોની કૃતિઓ વિશે અવલોકન રજૂ કર્યાં છે. એકાવન અર્વાચીન-આધુનિક ગુજરાતી કૃતિઓ વિશેના લેખોમાં દીર્ઘકાવ્ય, ઊર્મિકાવ્ય, ખંડકાવ્ય, સૉનેટ, આત્મકથા, નિબંધ, નાટક, ટૂંકીવાર્તા, નવલકથા, એકાંકી જેવા સ્વરૂપોનું વૈવિધ્ય છે. ભારતીય સાહિત્ય અને વિશ્વસાહિત્યની કૃતિઓના અવલોકન લેખોને કૃતિની ભાષા અનુસાર અકારાદિક્રમે ગોઠવ્યાં છે. આ એકસો એકાવન લેખોમાં જે-તે ભાષાના કેટલાંક પ્રસિદ્ધ અને ઉત્તમ સર્જકોની કૃતિઓ અવલોકન માટે પસંદ કરી છે.

---

૧. અનુઆધુનિકવાદ પૃ. ૮૧

વિવેચકે લગભગ દરેક અવલોકનને દોઢથી બે પાનાંની મર્યાદામાં સમાવી લીધું છે. કૃતિ-અવલોકનની વિવેચકની એક નિશ્ચિત પદ્ધતિ છે. આરંભ- વિકાસ અને અંતના ચુસ્ત માળખાને તેઓ અનુસર્યા છે. આરંભમાં સર્જક, કૃતિ, સમયસંદર્ભ વિશેની માહિતી સાથે વિવેચકે ઘણીવાર કૃતિના વિષયવસ્તુને અનુરૂપ ઉદાહરણો અને વિચારો રજૂ કર્યાં છે. જો કૃતિ કોઇ ખાસ સાહિત્યિક સ્વરૂપની હોય તો તે સ્વરૂપ વિશે અને કૃતિની કે સર્જકની કોઇ વિશેષ સિદ્ધિ હોય તો તે વિશે પરિચયાત્મક નોંધ આપી છે. સર્જકની અન્ય કૃતિઓ અને વિશેષતાની ચર્ચા કરી કૃતિનો કથાવસ્તુગત પરિચય આપ્યો છે. કૃતિનાં વિષયવસ્તુ, સંવેદન, પાત્રો, પરિવેશ, ઐતિહાસિક સંદર્ભ જેવા ઘટકો અને કોઇ વિશિષ્ટ અંગ કે સિદ્ધિ હોય તો તે વિશે પંક્તિઓ-વાક્યખંડો રજૂ કરી વર્ણનાત્મક, મૂલ્યાંકનપરક વિધાનો કર્યાં છે કૃતિનો ટૂંક સાર, કવિની સિદ્ધિને રજૂ કરી સમાપનમાં કૃતિનો સંદેશ, મહત્તા અને ઉપયુક્તતા દર્શાવી છે. કથાવસ્તુ વર્ણવી કૃતિનો પરિચય કરાવવાની વિવેચકની પદ્ધતિ કૃતિની સાથે સર્જક એનાં સમય-સંજોગો અને ઇતિહાસ સંદર્ભને પણ દર્શાવે છે. વિવેચકનો અભિગમ સાંસ્કૃતિક અને ભાવકલક્ષી છે. ભાવકલક્ષી વિધાનોના નમૂના નીચે આપ્યાં છે.

'આજની બદલાયેલી પરિસ્થિતિમાં જ્યારે કૃતકતા અને દંભ ઘર કરીને બેઠાં છે અને પોપટિયાં આત્માના પ્રેમની ફિલસૂફીનાં ગાણાં નકામાં ગવાયાં કરે છે ત્યારે સંવેદનશીલ અનુઆધુનિક કવિ આ બધાની ઠેકડી ન ઉડાવે તો બીજું કરે પણ શું?'[1]

'એ જ રીતે 'હથેળીમાં ચાંદ કે તારા બતાવનારા ઘણાં હશે પણ કાનમાં તારાઓ સંભળાવનારા તો આ જ લેખક છે.'[2] (P.67)

'... આ બધું કવિ ઘૂંટડે ઘૂંટડે, ટીપે ટીપે પીએ છે. કવિનું હૃદય, એમનાં કાન ચેતનવંતા થઇ જાય છે. બધું હૃદયમય બની જાય છે. આવા અનુભવ વચ્ચે કવિને લાગે છે. : 'નામ મારું ભાષામાં ઓગળી ગયું છે.'[3]

૧. રચનાવલી પૃ. ૧૪૬
૨. એજન પૃ. ૬૭
૩. એજન પૃ. ૧૦૬

'ખેતરની નીકમાં વહેતું પાણી કવિને પાછું મળે કે ન મળે પણ કવિએ નીકમાં વહેતાં પાણીને અદ્ભૂત પંક્તિમાં આપણા સુધી પહોંચાડયું છે.' (સંદર્ભ પંક્તિ : 'છલકતી નીક સરક્તા નીરે ચમકે.')[૧]

સાંસ્કૃતિક અભિગમને દર્શાવતાં બે-ત્રણ અવતરણો ટાંકું છું.

'એક રીતે જોઈએ તો આ નવલકથા એમની આત્મકથા જેવી છે. કોંકણ, કોંકણનું એક ગામ, એની વશિષ્ઠ નદી એના ડુંગર ઢોળાવો, એનાં ડાંગરનાં ખેતરો, એની ઊડતી ધૂળ, એનું ધુમ્મસ, એનો તાપ, એનું વરસાદી પૂર- બધું જ લેખકના અનુભવમાંથી આબાદ રીતે અહીં ઊતર્યું છે.'[૨]

'મહાભારતના દુષ્ટ કુટિલ પાત્રનો ભાસે કરેલો આ સમુદ્ધાર મનુષ્યજાતિમાં રહેલી આપણી શ્રદ્ધાને સંકોરે છે.'[૩]

'અર્થહીન યુદ્ધો અને બિનજરૂરી કત્લેઆમના યુગમાં જિબ્રાનનો એમાં વ્યક્ત થયેલો પ્રેમ-સંદેશ અને જીવનસંદેશ કોઈને પણ સ્પર્શી જાય તેવો છે.'[૪]

આ પુસ્તકમાં વિવેચકની ભૂમિકા જુદા પ્રકારની છે. વિવેચક કૃતિ અને સર્જક વિશેની શક્ય એટલી માહિતી સંક્ષેપમાં આપે છે. વિવેચકે પોતાના મંતવ્યો ટૂંકમાં રજૂ કર્યા છે. કૃતિનો પરિચય વિવેચકનો ઉદ્દેશ છે. વિવેચકે નિવેદનમાં નોંધ્યું છે '....જાણીતી રચનાઓની ખૂબીઓ સમજાવતો વિષય પસંદ કર્યો.' વિવેચકે ખરેખર તો ખૂબીઓને દર્શાવી છે, સમજાવી નથી. 'સાહિત્યરચનાઓનો પ્રાથમિક પરિચય આપતા કોશનો આકાર મળ્યો છે.'[૫] - લખે છે ત્યાં પણ સમજૂતી નહીં માત્ર પરિચય, નિર્દેશનો ઉદ્દેશ સ્પષ્ટ થાય છે. 'કોશ' શબ્દ દ્વારા માહિતી અને સામગ્રીને શાસ્ત્રીય રીતે પદ્ધતિસર રજૂ કરવાની પ્રક્રિયા ધ્યાનમાં આવે છે. આ પુસ્તકમાં એક જ પદ્ધતિને ધ્યાનમાં રાખીને શકય એટલી વિગતો અને માહિતીને કૃતિના સંદર્ભે રજૂ કરી છે. અનુક્રમણિકા, કૃતિઓનું વિભાગીકરણ, અવલોકનની એકસરખી Pattern અને વિવેચકની લગભગ

---

૧. એજન પૃ. ૧૩૨
૨. એજન પૃ. ૨૨૩
૩. એજન પૃ. ૨૬૨
૪. એજન પૃ. ૩૩૭
૫. એજન નિવેદન

પ્રવર્તતી વસ્તુલક્ષિતા દ્વારા પદ્ધતિ અને શાસ્ત્રીયતાનો અનુભવ થાય છે. ગુજરાતી કૃતિઓના પરિચય લેખોમાં કેટલાંક આત્મલક્ષી અને પ્રભાવવાદી વિધાનો મળે છે. (આગળ ઉપર એનાં ઉદાહરણો નોંધ્યાં છે.)

ઘણી બધી કૃતિઓને એકસરખી પદ્ધતિએ સમાવી લેતો ગ્રંથ હોવાથી અને એની માહિતીલક્ષી સામગ્રીને કારણે 'કોશના સ્વરૂપ'ની વિવેચકની વાત સ્વીકાર્ય બને છે. વિવેચકે આગળ નોંધ્યું છે કે- 'પણ એમાં કોશની ચુસ્ત યોજનાબદ્ધ વૈજ્ઞાનિક અને સમરૂપ લેખનરીતિનું અનુસરણ નથી, સુગમ પ્રત્યાયન અને આસ્વાદના વિવિધ માર્ગોનું અનુસરણ છે.'[૧] આ પુસ્તકનું સ્વરૂપ કોશનું બને છે. કારણ કે એમાં ઘણી બધી સામગ્રીને નિયત પદ્ધતિએ રજૂ કરી છે. સાહિત્યિક કૃતિઓના પરિચય કોશ બને છે, તેથી એ કૃતિની સામગ્રીને અનુરૂપ લેખનરીતિને અનુસરે એ સ્વાભાવિક છે. વૈજ્ઞાનિક કે પારિભાષિક સંજ્ઞાકોશ ન હોવાથી એમાં ચુસ્તવૈજ્ઞાનિકતા, યોજનાબદ્ધતા અને લેખનરીતિની અપેક્ષા અસ્થાને રહે. સામાન્ય રીતે કોશની સામગ્રી જ એની ભાષા, પદ્ધતિ અને આયોજન નક્કી કરે છે. વિવેચકની સુગમ પ્રત્યાયનની નેમ આ પુસ્તકમાથી પસાર થતાં પ્રતીત થતી રહે છે.

વિવેચકે 'આસ્વાદના વિવિધ માર્ગોનું અનુસરણ'[૨]- કહ્યું છે, એની કોઇ પ્રતીતિ પુસ્તકમાંથી પસાર થતાં થતી નથી. વિવેચક કૃતિ પરિચયનું એક નિશ્ચિત માળખું અપનાવ્યું છે. કૃતિનો સામગ્રીલક્ષી પરિચય અને એની કેટલીક વિશેષતા દર્શાવવા માટે જે ટૂંકુ ફલક વિવેચકે અપનાવ્યું છે એમાં આસ્વાદન માટે કોઇ ખાસ જગ્યા બચી જ નથી. એમાં વિવિધ માર્ગો હોવાની કોઇ પ્રતીતિ થતી નથી.
રચનાવલી એક ખાસ ઉદ્દેશથી લખાયેલા લેખોનો સંગ્રહ છે. એમાંની સામગ્રી પરિચયાત્મક છે. આટલી વિપુલ માત્રામાં કૃતિલક્ષી અવલોકનો આપે છે અને ગુજરાતી ભાષાની મધ્યકાલીન, અર્વાચીન, આધુનિક, ભારતીય ભાષાની તથા વિશ્વસાહિત્યની કૃતિઓ વિશેની ઘણી વિગતો અને માહિતી આપે છે, એ દષ્ટિએ આ પુસ્તકનું મૂલ્ય છે. ગુજરાતી, ભારતીય અને વૈશ્વિક સાહિત્ય પ્રવાહો, કથા-કાવ્યપ્રવાહો, સર્જકસંવેદનો, વિષયો, પરિવેશ, સમયસંદર્ભો અને સર્જકસંદર્ભો વિશે ઘણી રસપ્રદ માહિતી આપે છે; તેને ધ્યાનમાં લેતાં આ પુસ્તકને એનું આગવું સાંસ્કૃતિક મૂલ્ય છે.

---

૧. રચનાવલી નિવેદન
૨. એજન નિવેદન

સર્જકલક્ષી વિવેચન (ગુજરાતી)

ક્રમ	શીર્ષક
૧	નરસિંહ – નરસિંહ મહેતા
૨	મીરાં – મીરાંબાઇ
૩	અખો - ક અખ્યો
૪	શામળ
૫	પ્રેમાનંદ
૬	જીવણ
૭	ભાણદાસ
૮	દયારામ
૯	વિજયરાય વૈદ્યનું સૈદ્ધાંતિક વિવેચન
૧૦	વિષ્ણુપ્રસાદ – સાહિત્યમાં રમણીયતાનો માપદંડ
૧૧	ભૃગુરાય અંજારિયા : ઝીણવટ, ચીવટ અને ચોખવટનું ઉદાહરણ
૧૨	નાનાલાલ : વિરલ સાહિત્યિક ઘટના
૧૩	રા.વિ.પાઠકની કાવ્યબાની : સાદૃશય અને સંવાદ
૧૪	હરીન્દ્ર દવેની કવિતા
૧૫	અખાની કવિતામાં જ્ઞાનનું અભિજ્ઞાન
૧૬	કવિતાનો શાંતવૈભવ – રાજેન્દ્ર શાહના કાવ્યો
૧૭	સુરેશ જોષી પુનર્મૂલ્યાંકન
૧૮	બોલુબોલુ થતી અવસ્થાની કવિતા – જયંત પાઠક
૧૯	ઝીણા સૂરનો કાવ્યવારસો – 'ગાફિલ' મનુભાઇ ત્રિવેદી

સર્જકલક્ષી વિવેચન (ભારતીય)

ક્રમ	શીર્ષક
૧	તુલસીદાસ
૨	કબીર
૩	સૂરદાસ

સર્જકલક્ષી વિવેચન (વિદેશી)

ક્રમ	શીર્ષક
૧	ચાર જર્મન કવિઓ– ફ્રેડરિક હોલ્ડરલિન, સ્ટીફન જયોર્જ, રેઇનર રિલ્કે, બેરટોલ્ડ બ્રેક્ટ
૨	બોદલેર : વેદનાનું શિલ્પ બોદલેર – (ફ્રેન્ચ)
૩	લોર્કા : જિપ્સી જીવનનો ઉદ્ગાતા – લોર્કા – (સ્પેન)
૪	વાલેરી સેન્દ્રિય પ્રજ્ઞાનો કવિ – પોલ વાલેર – (ફ્રેન્ચ)
૫	નિકોલાસ ગુલે – (સ્પેન)
૬	ચેઝારે વાલેજો – (પેરુ)
૭	રિકાર્ડો મોલિનારી – (આર્જેન્ટિના)
૮	ઓક્ટોવિયો પાઝ – (મેક્સિકો)
૯	પાબ્લો નેરુદા – (ચીલી)
૧૦	કેવેફીની કવિતા – વિધાનોનું આંતર સંવેદન – (ગ્રીક)
૧૧	વાલેરી - સેન્દ્રિય પ્રજ્ઞાનો કવિ – પોલ વાલેર – (ફ્રેન્ચ)
૧૨	મોંતેઇન

૧૩ નારકી સૌંદર્યનો કવિ : બોદ્લેર
૧૪ કીટ્સનું સોનેટ વિશ્વ - કીટ્સ
૧૫ પોલ સેલાન
૧૬ સ્ટીવન્સન : સૂરીલો નિબંધકાર – (અંગ્રેજી)
૧૭ નિત્શે – મૃત્યુશતાબ્દી
૧૮ નારીવાદ અને લૂસ ઇરિગેર
૧૯ સુજાતા ભટ્ટ – અંગ્રેજી ગુજરાતી કવિ